dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 8 | Issue- 43 | AD - 2024, kartak Vad -1 | Saturday, Dt.16-11-2024 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00




## ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મ જયંતીની ઉજવણીના અવસરે વડાપ્રધાન નરેન્દ્ર મોદી બિહાર પહોંચ્યા

# આઝાદી પછી આદિવાસીઓના ઈતિહાસને ભૂંસી નાખવાનો પ્રયાસ : પ્રધાનમંત્રી

(એ.આર.એલ),પટણા,તા.૧૫

ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મ જયંતીની ઉજવણીના અવસરે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આદિવાસી ગૌરવ દિવસ કાર્યક્રમમાં ભાગ લેવા બિહારના જમુઈ જિલ્લાની મુલાકાત લીધી હતી. પીએમ મોદીએ ભગવાન બિરસા મુંડાના સન્માનમાં સ્મારક સિક્કા અને ટપાલ ટિકિટનું પણ અનાવરણ કર્યું હતું. આદિવાસી ગૌરવ દિવસના અવસરે, પીએમ મોદીએ આદિવાસી સમુદાયોના ઉત્થાન અને પ્રદેશના ગ્રામીણ અને દૂરના વિસ્તારોમાં માળખાકીય સુવિધાઓમાં સુધારો કરવાના ઉદ્દેશ્ય સાથે રૂ. ૬,૬૪૦ કરોડથી વધુની કિંમતની અનેક વિકાસ યોજનાઓનું ઉદ્‌ઘાટન



અને શિલાન્યાસ પણ કર્યો હતો. વડાપ્રધાને આદિવાસી સમુદાયોના સમૃદ્ધ ઈતિહાસ અને વારસાને જાળવવા માટે બે આદિવાસી સ્વતંત્રતા સેનાની સંગ્રહાલયો અને બે આદિજાતિ સંશોધન સંસ્થાઓનું ઉદ્‌ઘાટન કર્યું હતું. આદિવાસી સમુદાયોના જીવનને સરળ બનાવવા માટે ઘણા પ્રોજેક્ટ શરૂ કરવામાં આવશે. વડાપ્રધાને પીએમ જનમન અંતર્ગત બનેલા ૧૧,૦૦૦ ઘરોના ગૃહ પ્રવેશમાં હાજરી આપી હતી.

જમુઈમાં આયોજિત કાર્યક્રમમાં પીએમ મોદીએ કહ્યું કે આદિવાસી ગૌરવ દિવસ પર ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મ જયંતીના ઉદ્‌ઘાટન કાર્યક્રમમાં ભાગ લેવો મારા માટે ખૂબ જ સૌભાગ્યની વાત છે. આ પ્રસંગે પીએમ મોદીએ કહ્યું કે, 'ભગવાન બિરસા મુંડાજીએ માતૃભૂમિના સન્માન અને ગૌરવની રક્ષા માટે સર્વસ્વ બલિદાન આપ્યું. તેમની જન્મ જયંતી 'આદિવાસી ગૌરવ દિવસ'ના શુભ અવસર પર તેમને મારી આદર સાથે પુષ્પાંજલી.' જમુઈની ધરતી પરથી તમામ આદિવાસી ભાઈ-બહેનોને જય જોહર. આદિવાસી સમાજ એ જ છે જેણે રાજકુમાર રામને ભગવાન રામ બનાવ્યા. આદિવાસી સમાજ એ જ છે જેણે ભારતની સંસ્કૃતિ અને સ્વતંત્રતાના રક્ષણ માટે સેંકડો વર્ષો સુધી લડત ચલાવી હતી. પીએમ મોદીએ કહ્યું કે, 'આઝાદી પછીના દાયકાઓમાં આદિવાસીઓના ઈતિહાસના અમૂલ્ય યોગદાનને ભૂંસી નાખવાનો પ્રયાસ કરવામાં આવ્યો. તેની પાછળ પણ સ્વાર્થી રાજકારણ હતું. ભારતની આઝાદી માટે માત્ર એક જ પક્ષને શ્રેય આપવાનું રાજકારણ હતું. પરંતુ જો એક જ પક્ષ, માત્ર એક જ પરિવારે આઝાદી મેળવી હોય તો ભગવાન બિરસા મુંડાનું ઉલ્ગુલાન આંદોલન શા માટે હતું, સંથાલ ક્રાંતિ શું હતી, કોલ ક્રાંતિ શું હતી?








# ઝારખંડથી ચૂંટણી પ્રચાર કરી પરત આવતા પ્રધાનમંત્રીના વિમાનમાં ખામી

દેવઘર,તા.૧૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે



(૧૫ નવેમ્બર) ચૂંટણી પ્રચાર માટે ઝારખંડ પહોંચ્યા હતા. વડાપ્રધાન મોદીને ઝારખંડના દેવઘરથી દિલ્હી આવવાનું હતું, પરંતુ વડાપ્રધાન મોદીના વિમાનમાં ટેક્નિકલ ખામી સર્જાઈ હતી. જેના કારણે વિમાનને દેવઘર એરપોર્ટ પર જ રોકવું પડ્યું અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીને દિલ્હી પરત ફરવામાં થોડો વિલંબ થયો. જણાવી દઈએ કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભગવાન બિરસા મુંડાના ૧૫૦મા જયંતી વર્ષના શુભારંભ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. વડાપ્રધાને આજે જમુઈ જિલ્લામાં જનસભાને સંબોધી હતી. ઝારખંડમાં ચૂંટણી પ્રચાર કરવા પહોંચેલા કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીનું હેલિકોપ્ટર શુક્રવારે રોકી દેવાયું હતું. જણાવવામાં આવી રહ્યું છે કે, ક્લિયરન્સ ન મળવાના કારણે રાહુલ ગાંધીના હેલિકોપ્ટરને ઉડાન ભરવાની મંજૂરી ન મળી. રાહુલ ગાંધીના હેલિકોપ્ટરને મહાગામામાં રોકી દેવાયું હતું. કોંગ્રેસે આરોપ લગાવ્યો છે કે, 'રાહુલ ગાંધીના હેલિકોપ્ટરને અંદાજિત પોણા ત્રણ કલાક રોકવામાં આવ્યું. જણાવાય રહ્યું છે કે, વડાપ્રધાન મોદી પણ આજે ઝારખંડમાં ચૂંટણી પ્રચાર કરવા પહોંચ્યા છે. તેમની ચકાઈમાં જનસભા છે. જેના કારણે રાહુલ ગાંધીના હેલિકોપ્ટરને ઉડાન ભરવાની મંજૂરી નથી મળી.









સંજોગ ન્યૂઝ
# આપણું અમરેલી
શનિવાર, તા.૧૬-૧૧-૨૦૨૪

## ઓક્સફર્ડ સ્કૂલ ઓફ સાયન્સ-અમરેલીના આંગણે

# ગુજરાત ગણિત મંડળના અધિવેશનના ત્રિદિવસીય કાર્યક્રમની ઉજવણી









અમરેલી,તા.૧૫

અમરેલી જિલ્લા અને રાજ્ય લેવલે શિક્ષણ ક્ષેત્રે જેમનું નામ ખુબ જ ગુંજે છે તેવી અમરેલી જિલ્લાની નામાંકિત ઓક્સફર્ડ સ્કૂલ ઓફ સાયન્સ, અમરેલીમાં તા.૧૦થી ૧૨ નવેમ્બર ગુજરાત ગણિત મંડળના -૬૧મા અધિવેશનનું આયોજન ગુજરાત ગણિત મંડળ અને અમરેલી ગણિત મંડળ આયોજન કમિટી દ્વારા ઓક્સફર્ડ સ્કૂલ ઓફ સાયન્સ, અમરેલીના યજમાન પદે યોજવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત ધોરણ-૯ની વિદ્યાર્થિની કુમારી રાજલ શુક્લ દ્વારા સ્વાગત ગીત દ્વારા કથક નૃત્ય કરી કરવામાં આવી. ગણિત મંડળ અધિવેશનનો કાર્યક્રમ તા.૧૦/૧૧/૨૦૨૪ના સવારના ૧૦ કલાકે પૂર્વ કેન્દ્રીય મંત્રી અને રાજકોટના સાંસદ પરશોતમભાઈ રૂપાલાના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. કાર્યક્રમના ઉદ્‌ઘાટક ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણી તથા અમરેલીના ધારાસભ્ય અને ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા સાથે રહી આ ગણિત અધિવેશનના પ્રેરણાસ્તોત્ર એચ.એલ.પટેલ તથા મંડળના પ્રમુખ દેવભદ્ર શાહ, ડો. કાનાબાર, અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલિયા, આચાર્ય મંડળના પ્રમુખ અને એફ.આર. સી. કમિટીના મેમ્બર મુકુંદભાઈ મહેતા તથા મંડળના અન્ય હોદ્દેદારો દ્વારા દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. ત્યારબાદ ઓક્સફર્ડ સ્કૂલના સંચાલક મયુરભાઈ ગજેરા દ્વારા મહેમાનોનું શબ્દ પુષ્પોથી સ્વાગત કરવામાં આવ્યું હતું. મહેમાનોનું સ્વાગત કરતાં પહેલા અધ્યક્ષ અને ઉદ્‌ઘાટકો અને મંચસ્થ મહાનુભાવો દ્વારા શાળાના માર્ગદર્શક અને ગુરુવર્ય એચ.એલ.પટેલનું શાલ અને પુષ્પગુચ્છ દ્વારા સન્માન સાથે સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ અધ્યક્ષ, ઉદ્‌ઘાટકો અને મંચસ્થ મહાનુભાવોનું શાળાના સંચાલક મયુરભાઈ ગજેરા, પ્રહલાદભાઈ વામજા અને નિલેષભાઈ ગજેરા દ્વારા શાલ અને પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું. ગુજરાત ગણિત મંડળ, અમરેલી ગણિત મંડળ કમિટી અને ઓક્સફર્ડ સ્કૂલ દ્વારા તૈયાર કરવામાં આવેલ ગુજરાત ગણિત મંડળ અધિવેશનની સ્મરણિકા જેમાં ગુજરાતના ગણિતજ્ઞો દ્વારા સુંદર ગણિતની માહિતી સભર પુસ્તિકાનું વિમોચન એચ.એલ.પટેલ, અધ્યક્ષ, ઉદ્‌ઘાટકો અને મંચસ્થ મહાનુભાવો દ્વારા કરવામાં આવ્યું હતું. અધિવેશનના હોદ્દેદારો દ્વારા ગણિત અધિવેશન મંડળની સ્થાપનાનો હેતુ અને કામગીરીની સુંદર માહિતી નિરૂપણ કરવામાં આવી હતી. ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણીએ ગણિતના વિદ્યાર્થી ન હોવા છતાં ગણિતનું એક સામાન્ય માણસથી લઈ દેશની આર્થિક નીતિઓમાં શું મહત્વ છે તે ખુબ સારી રીતે સમજાવ્યું અને આ અધિવેશનના અધ્યક્ષ સ્થાનેથી પરશોતભાઈ રૂપાલાએ પોતાની આગવી શૈલીમાં જીવનમાં ગણિત શા માટે જરૂરી છે અને ગણિત વિષયને વિદ્યાર્થીમાં રુચિકર કેવી રીતે બનાવી શકાય અને સમાજમાં ગણિત વગરનું જીવન જીવવું અકારું છે માટે જીવનમાં દરેક બાબતનું ગણિત હોવું જરૂરી છે તેવું જણાવ્યું હતું અને આ અધિવેશનના લાંબા અને સારા આયુષ્ય માટે હોદ્દેદારોને સુંદર મજાની માહિતી આપી હતી. આભાર વિધિ સાથે અત્રે ઉદ્‌ઘાટન કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવ્યો હતો.તા.૧૦/૧૧/૨૦૨૪ બપોરના સેશનથી લઈ તા.૧૨/૧૧/૨૦૨૪ બપોર સુધી ત્રિદિવસીય કાર્યક્રમમાં ગુજરાતના ખ્યાતનામ ગણિતજ્ઞો દ્વારા અલગ અલગ સેશનોમાં ગણિતની માહિતી રજૂ કરવામાં આવી હતી. આ તકે ગુજરાત ગણિત મંડળ અધિવેશનના હોદ્દેદારો દ્વારા ગુરુવર્ય એચ.એલ.પટેલનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. અંતમાં ગુજરાત ગણિત અધિવેશનના હોદ્દેદારો દ્વારા ઓક્સફર્ડ સ્કૂલ દ્વારા ત્રણ દિવસ માટે ગુજરાતમાંથી પધારેલા ગણિતજ્ઞો તથા અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે ભણતર, ઉત્તમ પ્રકારનું ભોજન તથા રહેવા માટેની ઉતમ સુવિધા એટલે કે તમામ પ્રકારનું એકોમોડેશન જે પૂરું પાડવામાં આવ્યું તે બદલ ઓક્સફર્ડ સ્કૂલનો ખૂબ જ આભાર વ્યક્ત કરવામાં આવ્યો તેવું ઓક્સફર્ડ સ્કૂલ ઓફ સાયન્સના સંચાલક મંડળની યાદી જણાવે છે.

**સાંસદ પરશોતમ રૂપાલા, દિલીપ સંઘાણી, ધારાસભ્ય કૌશિક વેકરીયા સહિતનાઓ કાર્યક્રમમાં હાજર રહ્યાં**

# અમરેલીનાં યોગ ટ્રેનર પ્રિયંકાબેનનું યોગ બોર્ડના ચેરમેનના હસ્તે સન્માન કરાયું



અમરેલી, તા.૧૫

ગુજરાત રાજય યોગ બોર્ડના ચેરમેન શીશપાલજીના અધ્યક્ષ સ્થાને રાજકોટ ખાતે બોર્ડના ઝોન -૬ ના તમામ યોગ ગુરૂઓનો સ્નેહમિલન કાર્યક્રમ સ્વામિનારાયણ મંદિરના હોલમાં યોજાયો હતો. જેમાં અમરેલીની યોગ પાઠશાળા હરિવિહાર આંગણવાડીના શ્રેષ્ઠ યોગ ટ્રેનર પ્રિયંકાબેનનું મેમેન્ટો આપી સન્માન કરવામાં આવ્યું હતું. તેઓ રેગ્યુલર અમરેલી શહેરના મોટાભાગના વિસ્તારમાંથી સવારે ૨૪ અને સાંજે ૩૫ બહેનોને રોજ નવી નવી એકસરસાઈઝ અને યોગ શિખવાડે છે. ચાલુ વરસાદે પણ યોગ માટે બહેનો આવે અને વરસાદની પરવાહ વગર પણ યોગ કલાસ ચાલુ હોય છે. તેઓ હિમાચલના વતની હોવા છતાં ગુજરાતી ભાષામાં યોગ શીખવાડે છે. આવી ઉત્કૃષ્ઠ સેવાઓને ધ્યાને લઈ તેમને સન્માનિત કરાયા હતા.

**શહેર વિસ્તારમાં રોડ વાઈડનીંગ અને ગટરના કામ સાથે વધુ એક સી.સી. રોડ ખાસ કિસ્સામાં મંજૂર થયો**

# અમરેલીમાં સેન્ટર પોઈન્ટથી ઠેબી ડેમના પાળા સુધી ૧૧ કરોડના ખર્ચે સી.સી. રોડ બનશે



અમરેલી, તા.૧૫

અમરેલી શહેર વિસ્તાર માટે દેવ-દિવાળીના દિને સરકાર દ્વારા વર્ષની પ્રથમ ભેટ સ્વરૂપે સેન્ટર પોઈન્ટથી ઠેબી ડેમના પાળા સુધી ૧૧ કરોડના ખર્ચે સી.સી. રોડ ખાસ કિસ્સામાં મંજૂર કરવામાં આવ્યો છે. ધારાસભ્ય અને ગુજરાત વિધાનસભાના નાયબ દંડક કૌશિકભાઈ વેકરીયાએ અમરેલી શહેરીજનોની વર્ષો જૂની માંગણી સરકારમાંથી મંજૂર કરાવી છે. માર્ગ અને મકાન વિભાગ (રાજ્ય) હસ્તકના અમરેલી શહેરમાંથી પસાર થતો અંદાજિત બે કિલોમીટરથી વધુ લંબાઈવાળા સેન્ટર પોઈન્ટથી ઠેબી ડેમના પાળા સુધીનો સી.સી. રોડ તથા ગટર સહિતની આનુસંગિક કામગીરી સાથે માતબર રકમ ૧૧ કરોડ જેટલી મંજૂર કરવામાં આવી છે. વિભાગના સામન્ય વાર્ષિક આયોજન બહારના આ રસ્તાની કામગીરીને વોટર ઓવર-ટોપિંગ થતા રસ્તા પર સી.સી. રોડની યોજના હેઠળ ખાસ કિસ્સામાં રાજયના મુખ્યમંત્રી દ્વારા મંજૂરી આપવામાં આવી છે. હવે ટૂંક સમયમાં જ આ કામો શરુ કરાશે. અમરેલી શહેરમાંથી ચિતલ, બાબરા તથા રાજકોટ તરફ જવા માટે આ ઠેબી ડેમ તરફ જવાનો મુખ્ય માર્ગ હોય તથા ચોમાસા દરમિયાન પાણી ભરાવાનો પ્રશ્ન રહેતો હોય તેમજ સ્થાનિક લોકોની રજૂઆતને ધ્યાને લઈ ધારાસભ્યએ મુખ્યમંત્રીને આગ્રહપૂર્વક રજૂઆત કરી હતી. જેનો સાનુકૂળ પ્રતિસાદ આપી આ કામ માટે જોબ નંબર ફાળવી રૂપિયા ૧૧ કરોડ જેવી માતબર રકમ મંજૂર કરી છે.

# ધારીના પ્રેમપરા નજીક બે બાઈક વચ્ચે થયો અકસ્માત

**ત્રણ લોકોને વધુ સારવાર અર્થે અમરેલી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા**



ધારી, તા.૧૫

ધારી-બગસરા રોડ પર આવેલ પ્રેમપરા નજીક બે બાઈક વચ્ચે અકસ્માત સર્જાતા બાઈકચાલકોને ઈજાગ્રસ્ત હાલતમાં અમરેલી સરકારી દવાખાને ખસેડવામાં આવ્યા છે. ધારી-બગસરા માર્ગ પર પ્રેમપરા નજીક બે બાઈકચાલકો વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. બાઈકની ગતિ એટલી હતી કે બંને બાઈકચાલકોને ગંભીર ઈજાઓ પહોંચી હતી. આ અકસ્માતની જાણ થતા તાત્કાલિક એમ્બુલન્સને બોલાવવામાં આવી હતી. જેમાં ઈજાગ્રસ્તોને પ્રથમ ધારી સરકારી દવાખાને સારવાર આપ્યા બાદ ત્રણ લોકોને વધુ સારવાર અર્થે અમરેલી સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. આ અકસ્માતથી લોકોના ટોળા રોડ પર ઉમટી પડ્યા હતા.

# રાજુલા અને ઉના પંથકના આઠ ગામોને આવરી લેતી એસ.ટી. બસ શરૂ કરવા સરપંચોની માંગણી

**ઉચ્ચ કક્ષાએ રજૂઆત છતાં પરિણામ મળતું નથી**

રાજુલા, તા.૧૫

રાજુલા તાલુકાના ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓને એસ. ટી. બસના અભાવે શાળા-કોલેજમાં જવા આવવાની મુશ્કેલી પડે છે. લોર, માણસા, પીસળી, એભલવડ સહિતના વિદ્યાર્થીઓ ઉના અને રાજુલા કોલેજ કરે છે. આ વિદ્યાર્થીઓની માંગણી છે કે રાજુલાથી શરૂ કરી ઉના વચ્ચે એસ.ટી. શરૂ કરવામાં આવે તો આ આઠ ગામના વિદ્યાર્થીઓને આવવા-જવામાં સરળતા રહે. અત્યારે એક પણ બસ મળતી નથી તેમજ એસ.ટી. વિહોણા પણ ગામડા છે. વર્ષોથી એભલવડ રાજુલા નાઈટ બસ શરૂ હતી તે પણ બંધ કરવામાં આવી છે. બાળકોને અભ્યાસ માટે પણ રોજ મોતના મુખમાં રિક્ષાઓમાં કે પ્રાઈવેટ વાહનોમાં ઉના કે રાજુલા જવામાં ભારે મુશ્કેલી પડે છે. આ અંગે લોરના આગેવાન દિલુભાઈ વરુ, એભલવડના સરપંચ જગાભાઈ તથા પીસળી ગામના આગેવાનો સહિતની માંગણી છે કે રાજુલા ઉના વાયા ઉપરોક્ત ગામોથી હંકારવામાં આવે. રાજુલાથી ઉના જવા માટે સવારના ૮ પછી એક પણ બસ જતી નથી. આ પ્રશ્ન અંગે આગેવાનો દ્વારા ધારાસભ્ય હીરાભાઈ સોલંકી, એસ. ટી. નિયામક તથા ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા સહિતને રજૂઆત કરવામાં આવી છે.









**પાલિકા સ્ટ્રીટલાઈટનું ટેન્ડર ક્યારે બહાર પાડે છે તેના પર શહેરીજનોની મીટ**

# બગસરામાં મોટાભાગના વિસ્તારોમાં સ્ટ્રીટલાઈટ બંધ, રહીશોને મુશ્કેલી

**સદસ્યો પણ રજૂઆત કરીને થાક્યા પરંતુ કોઈ કામગીરી નહી**

અમરેલી,તા.૧૫

બગસરા પાલિકાની આળસુ નીતિને કારણે શહેરના મોટાભાગના વિસ્તારોમાં સ્ટ્રીટલાઈટ બંધ પડી હોવાની ફરિયાદ ઉઠવા પામી છે. સ્ટ્રીટલાઈટ નાખવા માટે પાલિકા સદસ્યોએ પણ રજૂઆત કરી હોવાછતાં તેમની રજૂઆતો પણ ધ્યાનમાં લેવાતી ન હોવાની ફરિયાદ ઉઠવા પામી છે. બગસરા પાલિકા નેતાઓની વાહ-વાહ મેળવવા માટે ખાતમુહૂર્ત કે લોકાર્પણ સમયે મસમોટા તાયફાઓ કરે છે પરંતુ શહેરીજનોની પ્રાથમિક સુવિધા હલ કરવા માટે કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી. શહેરના મોટાભાગના વિસ્તારોમાં સ્ટ્રીટલાઈટ બંધ છે જેના લીધે અંધારા છવાયા છે. આ અંગે પાલિકા પ્રમુખ પ્રતિનિધી એ.વી.રીબડીયાએ જણાવ્યું હતું કે, નવી સ્ટ્રીટલાઈટ ખરીદવા માટે વહીવટી મંજૂરી મળી ગઈ છે પરંતુ ટેન્ડર પ્રક્રિયા હજુ બાકી છે.

હાલ તો જે વિસ્તારોમાં લાઈટ બંધ છે તેને રિપેર કરવામાં આવતી હોવાથી ચાર-પાંચ દિવસથી સ્ટ્રીટલાઈટ શરૂ થઈ શકતી નથી. સદસ્યો પણ લાઈટ બાબતે રજૂઆત કરી થાક્યા હોવા છતાં તેમની રજૂઆતો પણ ધ્યાનમાં ન લેવાતી હોવાની ફરિયાદ ઉઠવા પામી છે.

# વિશ્વશાંતિ વિશ્વ પદયાત્રા ટીમના સભ્યો અમરેલી જિલ્લાની મુલાકાતે

**આ ટીમ શહેરોમાં શાળાઓ અને જાહેર સ્થળોએ જનજાગૃતિ અભિયાન ચલાવે છે**

અમરેલી,તા.૧૫

વિશ્વશાંતિ વિશ્વ પદયાત્રા ટીમના સભ્યો અમરેલી જિલ્લાની મુલાકાતે આવ્યા હતા. આ ટીમના સભ્યોએ અમરેલી જિલ્લા સેવા સદન ખાતે મુલાકાત લીધી હતી. અમરેલી જિલ્લા નિવાસી અધિક કલેક્ટરે ટીમના સર્વ સભ્યોનું અભિવાદન કર્યુ હતું. વિશ્વશાંતિ વિશ્વ પદયાત્રા ટીમના સભ્યો દ્વારા કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા પર્યાવરણ અને જળ સંરક્ષણ, સ્વચ્છતા અભિયાન, પર્વત અને નદી સંરક્ષણ, બેટી બચાઓ, બેટી પઢાઓ યોજના, માર્ગ સલામતી અને સુરક્ષા, વન્ય જીવ સંરક્ષણ સહિતની વિવિધ યોજનાઓ અંગે જનજાગૃતિ વધારવાના પ્રયાસો કરવામાં આવે છે. અમરેલી ખાતે પણ આ ટીમના સર્વ સભ્યોએ સરકારની વિવિધ યોજનાઓને લઈને સંદેશ પ્રસરાવ્યો હતો.

અવધ બિહારી લાલ, જિતેન્દ્ર પ્રતાપ, મહેન્દ્ર પ્રતાપ સહિતના સભ્યોએ એડવેન્ચર્સ અન્તર્વેદ સ્પોર્ટ્સ લોન્ગેસ્ટ વર્લ્ડ ટુર ઓન ફૂટ જર્ની શરૂ કરી હતી. આ ટીમના ૨૦ સભ્યો છે. આ ટીમ દ્વારા શહેરોમાં શાળાઓ અને જાહેર સ્થળોએ જનજાગૃતિ અભિયાન ચલાવવામાં આવે છે.

# સા.કુંડલામાં પોલીસ અને શ્રી વીરદાદા જસરાજ સેનાએ માનવતા દર્શાવી



સાવરકુંડલા, તા.૧૫

સાવરકુંડલા શહેરમાં ગઈકાલે રાત્રે ૯ વાગ્યાના અરસામાં નાવલી નદી પાસે આવેલ કુમાર શાળાની સામે ટેક્સી સ્ટેન્ડ પાસે કોઈ મહિલા અને તેમનું માત્ર એક વર્ષનું બાળક સુતા હતા. મહિલા બેભાન અવસ્થામાં હતા, આ અંગેની જાણ હિતેશ સરૈયા અને પરેશ કોટકને થતાં તેમણે પોલીસ સ્ટેશનમાં હિંગરાજસિંહને જાણ કરી હતી. પોલીસ સ્ટેશનમાંથી અમનભાઈ, ગઢવીભાઈ અને જીતુભાઈ આવતાં તેમજ ત્યાં હાજર ટેક્સી સ્ટેન્ડના બધા ભાઈના સહકારથી મહિલાને ભાનમાં લાવીને તેમના બાળકને સલામત નાવલી પોલીસ ચોકીમાં રાખી જરૂરી ખાવા-પીવાની વસ્તુ આપી માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

# વડીયાના હરભોલે મિત્ર મંડળ દ્વારા ૨૨ વર્ષથી ગિરનારની પરિક્રમામાં ચા-પાણીની સેવા



રાજુલા, તા.૧૫

જૂનાગઢમાં ગિરનારની લીલી પરિક્રમાના રૂટ પર અનેક સેવાયજ્ઞ ચલાવવામાં આવે છે. અમરેલી જિલ્લાના છેવાડાના તાલુકા એવા વડીયાના હરભોલે મિત્ર મંડળ દ્વારા છેલ્લા ૨૨ વર્ષથી સતત પાંચ દિવસ સુધી ગરમ ચા અને પીવાના શુદ્ધ પાણીની વિનામૂલ્યે સેવા ૨૪ કલાક આપવામાં આવે છે. હજ્જારો લોકો આ ચા-પાણીની સેવાનો લાભ લઇ ત્યાં વિસામો લેતા જોવા મળે છે. આ વર્ષે પણ હરભોલે મિત્ર મંડળ દ્વારા યાત્રિકોને ચા-પાણીના સેવા યજ્ઞમાં પૂર્વ કેબિનેટ મંત્રી બાવકુભાઈ ઊંધાડ પણ જોડાયા હતા. તેમણે પણ યાત્રિકોને ચા-પાણી પીરસવાની સેવાનો લાભ લીધો હતો. હરભોલે મિત્ર મંડળના હિતેષભાઈ વોરા, રાજુભાઈ રાંક, રમેશભાઈ આસોદરિયા, વિજયભાઈ રાણપરીયા, જીગ્નેશભાઈ ડોબરીયા તથા વડીયાના યુવાનો અને વડીલોએ જહેમત ઉઠાવી પરમાર્થનું કાર્ય કરી પુણ્યનું ભાથું બાંધ્યું હતું.

# લાઠીમાંથી ચાર ઈસમો સ્ટ્રીટલાઈટના અજવાળે જુગાર રમતાં ઝડપાયા

લાઠી, તા.૧૫

દિવાળી દરમિયાન સુરતથી અનેક લોકો લાઠીમાં વતન આવ્યા છે. લાઠીમાંથી સુરતના ચાર ઈસમો સ્ટ્રીટલાઈટના અજવાળે જુગાર રમતાં ઝડપાયા હતા. પોલીસે હાર્દિકભાઈ ડાયાણી, સંજયભાઈ ડાયાણી, જીગ્નેશભાઈ ડાયાણી, પંકજભાઈ ડાયાણી સ્ટ્રીટલાઈટના અજવાળા નીચે કુંડાળું વળીને જાહેરમાં ગંજીપત્તાના પાના વડે જુગાર રમતાં ઝડપાયા હતા. તેમની પાસેથી રૂ. ૧૦,૬૭૦નો મુદ્દામાલ મળી આવ્યો હતો. લાઠી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એ.પી. ડેર વધુ તપાસ કરી રહ્યા છે.

## અવસાન નોંધ

**બગસરા**

બગસરા નિવાસી રસીકભાઈ કાંતિલાલ ઠાકર (સુડાવડ વાળા) હાલ બગસરાના ધર્મપત્ની તથા શાસ્ત્રી કમલેશભાઈ ઠાકર (પરશુરામ ધામ મંદિર બગસરાના પ્રમુખ તથા પિયુષભાઈ ઠાકરના માતૃશ્રી સ્વ. કમળાબેન રસિકભાઈ ઠાકરનું તા. ૧૫ ને શુક્રવારના દુ:ખદ અવસાન થયું છે.જેમનું બેસણું તા. ૧૬ ને શનિવારના રોજ બપોરે ૪-૦૦ થી ૬-૦૦ કલાક ગાયત્રી મંદિર બગસરા ખાતે રાખેલ છે.

# ચલાલામાં જીવરાજદાદા ફાઉન્ડેશન દ્વારા સુરાપુરા દાદાનો ૧૪મો પાટોત્સવ ઉજવાયો



ચલાલા, તા.૧૫

ચલાલા શહેરમાં જીવરાજદાદા ફાઉન્ડેશન દ્વારા માલવિયા પરિવારના સુરાપુરા દાદાનો ૧૪મો પાટોત્સવની ઉજવણી કરવામાં આવી છે. આ પાટોત્સવમાં સમસ્ત માલવિયા પરિવારના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.


**CHANGE OF NAME**

I Undersigh I BHATT KAPILBHAI DAYALAL have changed my name from BHATT KAPILKUMAR DAYALAL To BHATT KAPILBHAI DAYALAL (New) Now i will be known as BHATT KAPILBHAI DAYALAL (new)

Sigh : BHATT KAPILBHAI DAYALAL
Address: PLOT NO 32/1, DHARAM NAGAR-1, LATHI ROAD, AMRELI-365601, DIST-AMRELI,GUJARAT, INDIA

અમરેલી જીલ્લાનું સૌથી મોટુ અને સૌ પ્રથમ ફેમીલી સલૂન એટલે.
• હેરકટ • ટેટ્ટુઝ • કેરાટીન • શાઈનર • હાઈલાઈટસ • નેલ આર્ટ • સ્મુથનીંગ • ફેસીયલ વીથ હાઈડ્રા • બોટોક્ષ • બ્રાઈડલ મેકઅપ • નેનો પ્લાસ્ટી • હેર એક્સટેન્શન • હેર રીપ્લેસમેન્ટ
Raj Unisex Saloon Since:1996
રાજ ફેમિલી સલૂન
ટ્રેન્ડ બાય : જાવેદ હબીબ
એપોઈન્ટમેન્ટ નં. 02792-224551/વોટસએપ : 90333 91778
ગીરીરાજ નગર, ઓમનગર મેઈન રોડ, ચિતલ રોડ, અમરેલી.

પ્રોફેશનલ ફેમિલી સ્પા 2 હવે અમરેલીમાં અમારી બીજી બ્રાન્ચ
SINCE: 2018 (8 વર્ષ જુનુ)
લેડીઝ માટે Rs.799/- | કપલ માટે Rs.1399/-
ભાઈઓ માટે એક સાથે એક ફ્રી
PROFESSIONAL spa Amreli
એપોઈન્ટમેન્ટ માટે
Mo. 70169 65665
Mo. 98242 65665
અમરેલી બ્રાન્ચ -૧: અયોધ્યા એપાર્ટમેન્ટ, એમેઝોન રોયલ પાર્ક પાસે, કેરીયા-લીલીયા રોડ બાયપાસ. Mo. 70169 65665
અમરેલી બ્રાન્ચ -૨: સરદાર કોમ્પલેક્ષ, કૈલાશ મુક્તિધામની સામે, કેરીયા બાયપાસ ચોકડી પાસે, Mo.98242 65665

**તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - જાફરાબાદની કોર્ટમાં**

જન્મ / મરણ અરજી નં.૧૮૪/૨૦૨૪

અરજદાર :- શ્રી લીલાબેન બદરૂભાઈ કાંધમણા ડો/ઓ હકુભાઈ કોટીલા
સરનામું :- મું.ભચાદર તા.રાજુલા જિ.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને
તલાટી કમ મંત્રીશ્રી,લુણસાપુર
મું.લુણસાપુર તા.જાફરાબાદ જિ.અમરેલી

**:: નોટીસ ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **રાજુલા તાલુકાના ભચાદર** ગામના શ્રી લીલાબેન બદરૂભાઈ કાંધમણા ડો/ઓ હકુભાઈ કોટીલા એ તેમના બહેન નામે **શ્રી આયબાબેન હકુભાઇ કોટીલા નો** જન્મ તા.૦૧/૦૧/૧૯૬૮ નાં રોજ જન્મ થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી ઉમેશભાઇ વી.વરૂ** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ** નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો,તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ.૧૧ માહે. નવેમ્બર સને. ૨૦૨૪ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ :- ૧૧/૧૧/૨૦૨૪
(કોર્ટનો સિક્કો)
સહી,
તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

શાંત અને રમણીય વાતાવરણ સૌથી વિશાળ પાર્કિંગ ધરાવતી હોટેલ
24 X 7 ૨૪ કલાક માટે
એ.સી.રૂમ રૂ.૯૯૯
ડીલક્સ રૂમ રૂ.૧૧૯૯
હોટેલ હોલીડે
M.8238744144
HOLIDAY HOTEL
સારથી માર્કેટ, નવા માર્કેટયાર્ડ સામે, સાવરકુંડલા રોડ,અમરેલી

ડાઈનિંગ ટેબલ, સોફા સેટ અને પીવીસી ફર્નિચરની વિશાળ રેન્જ હવે આપણા અમરેલીમાં એ પણ તદ્દન વ્યાજબી ભાવમા એકમાત્ર સ્થળે
SHREE HARI PVC FURNITURE
શ્રી હરી પીવીસી ફર્નિચર
ચક્કરગઢ રોડ, હિરામોતી ચોક, બિનહરીફ દાબેલીની બાજુમા, અમરેલી
સંપર્ક: 9925084788 8200268079

**તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - જાફરાબાદની કોર્ટમાં**

જન્મ / મરણ અરજી નં.૧૯૦/૨૦૨૪

અરજદાર :- શ્રી પરમાર બીજલભાઈ કરસનભાઈ
સરનામું :- મું.રોહીસા તા.જાફરાબાદ જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને
તલાટી કમ મંત્રીશ્રી-રોહીસા
મું.રોહીસા તા.જાફરાબાદ જિ.અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના રોહીસા** ગામના શ્રી **પરમાર બીજલભાઇ કરસનભાઇ** એ તેમના ભાભી નામે **સ્વ.શ્રી ધુનાબેન કિશનભાઇ પરમાર નું મરણ તા.૦૧/૦૫/૧૯૮૭** નાં રોજ **મરણ** થયા અંગેની નોંધ કરાવવા તેમના **વકીલ શ્રી ઉમેશભાઇ વી.વરૂ** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાનાં **મરણ** નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો,તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૧ માહે. નવેમ્બર સને. ૨૦૨૪ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ :- ૧૧/૧૧/૨૦૨૪
(કોર્ટનો સિક્કો)
સહી,
તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

વી. કે. મોટર્સ
VK MOTORS Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE <> SPARE <> INSURANCE
તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે. ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail : kanpariyavipul4025@gmail.com

# રાજુલા તાલુકાના માંડણ ગામે રૂા.૫.૬૮ કરોડના કામોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ

અમરેલી,તા.૧૫

રાજુલાના માંડણ પ્રાથમિક શાળા ખાતે ધારાસભ્ય, સાંસદ, ૧૫મું નાણાપંચ, જિલ્લા આયોજન મંડળ, એટીવીટી, આઈસીડીએસ યોજના, સ્વચ્છ ભારત મિશન, નરેગા યોજના, પંચવટી સીડીપી વિગેરે ગ્રાન્ટના કામોમાં ૫.૬૮ કરોડના કામોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરવામાં આવ્યું હતું.



માંડણમાં ૧૪ લાખના ખર્ચે તૈયાર થયેલ ગ્રામ પંચાયતનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. તેમજ માંડણમાં જુદી જુદી જગ્યાએ ૮.૭૫ લાખના ખર્ચે ગટરના કામનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. તેમજ આંગણવાડીમાંથી નિવૃત્ત થયેલી ૮૨ મહિલાઓને ગ્રેજ્યુઈટીની ૭૪ લાખની રકમ ચુકવાઈ હતી. ઉપરાંત નિરાધાર વૃદ્ધ સહાય, વિધવા સહાય, ગંગા સ્વરૂપા આર્થિક સહાય વિગેરે ૧૨ લાભાર્થીઓને મંજૂરીના આદેશો એનાયત કરવામાં આવ્યા હતા. તેમજ રાજુલાના જુદા જુદા ગામોમાં ૬ લાભાર્થીઓને પ્રધાનમંત્રી આવાસ યોજનાની મંજૂરી અપાઈ હતી.

**મતદારયાદીમાં નામ ધરાવતા મતદારો પોતાની વિગતોમાં સુધારા કરાવી શકશે**

# અમરેલી જિલ્લામાં આવતીકાલથી મતદારયાદી સુધારણા ઝુંબેશ યોજાશે

**જિલ્લાના ૧૩૭૧ મતદાન મથક પર આ કાર્યક્રમ યોજાશે**

અમરેલી,તા.૧૫

અમરેલી જિલ્લામાં ૧૩૭૧ મતદાન મથકો પર મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ યોજાશે. યુવાનોને મતદારયાદીમાં નામ નોંધણી માટે જિલ્લા કલેકટર અને ચૂંટણી અધિકારીએ અપીલ કરી હતી. અમરેલી જિલ્લામાં ૧૭, ૨૩ અને ૨૪ નવેમ્બરના રોજ મતદારયાદી સુધારણા ઝુંબેશ હાથ ધરવામાં આવશે. આમ, વધુમાં વધુ યુવાનો મતદારયાદીમાં ભાગ લે તેવી તંત્રએ અપીલ કરી હતી. ભારતના ચૂંટણીપંચ દ્વારા ૧-૧-૨૦૨૫ની લાયકાતના સંદર્ભમાં મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. ૧-૧-૨૦૨૫ની સ્થિતિએ લાયકાત ધરાવતા યુવાનો મતદારયાદીમાં પોતાના નામની નોંધણી કરાવી શકશે. મતદારયાદીમાં નામ ધરાવતા મતદારો પોતાની વિગતોમાં સુધારા કરાવી શકશે. અમરેલી જિલ્લા કલેકટર અને જિલ્લા ચૂંટણી અધિકારીએ લોકોને મતદારયાદીમાં નામ નોંધણી, સુધારણા માટે અપીલ કરી હતી. ૧૭, ૨૩ અને ૨૪ નવેમ્બરે જિલ્લામાં ૧૩૭૧ બુથ પર સવારે ૧૦ થી સાંજના ૫ કલાક સુધી મતદારયાદી સંક્ષિપ્ત સુધારણા ઝુંબેશ હાથ ધરવામાં આવશે.

# અમરેલીના બાબાપુર ગામે ઘરમાંથી રોકડ રકમ, સોના-ચાંદીના ઘરેણાની ચોરી

**ઠંડીની સાથે જ નિશાચરો સક્રિય થયા**

અમરેલી, તા.૧૫

અમરેલી જિલ્લામાં ઠંડીના ચમકારાની સાથે જ નિશાચરો સક્રિય થયા છે. બાબાપુર ગામના પાટીયા પાસે રહેતા એક યુવકના ઘરમાં ત્રાટકેલા ચોર ઈસમ રોકડ રકમ તથા સોના-ચાંદીના ઘરેણા મળી કુલ ૪૪,૫૦૦ રૂપિયાના મુદ્દામાલની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. બનાવ અંગે ખોડીદાસભાઈ નાગજીભાઈ ચાવડા (ઉ.વ.૩૫)એ જાહેર કર્યા મુજબ, અજાણ્યો ઈસમ તેમના ઘરમાં તાળું તોડીને પ્રવેશ્યો હતો. લાકડાના પટારામાં રાખેલી પતરાની પેટીનું તાળું તોડી તેની પત્નીનો સોનાનો હાર, ચાંદીની ઝાંઝરી, ચાંદીનો કંદોરો, દાણા, હાથની કડલી, રોકડ રકમ મળી કુલ ૪૪,૫૦૦ના મુદ્દામાલની ચોરી કરી હતી.

# અમરેલીની અમર ડેરી ખાતે ૭૧ મા અખિલ ભારતીય સહકાર સપ્તાહનો પ્રારંભ

અમરેલી, તા.૧૫

ગુજરત રાજ્ય સરકારી સંઘના દિશા નિર્દેશો અનુસાર અમરેલી જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ મનીષ સંઘાણીના માર્ગદર્શન હેઠળ અમરેલીની અમર ડેરી ખાતે અમરેલી જિલ્લા સહકારી સંઘ અને ટીમ સહકાર દ્વારા સહકાર સપ્તાહના શુભારંભ પ્રસંગે અમર ડેરીના અધ્યક્ષ અશ્વિનભાઈ સાવલિયાની અધ્યક્ષતામાં



સહકારનો ધ્વજ ફરકાવી સહકારી સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. આ સહકાર સપ્તાહ ૧૪ નવેમ્બર ૨૦૨૪ થી ૨૦ નવેમ્બર ૨૦૨૪ સુધી ચાલશે. જેમાં જિલ્લાના વિવિધ વિસ્તારોમાં અમરેલી જિલ્લા સહકારી સંઘ દ્વારા વિવિધ સહકારી સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. આ અવસરે અમરેલી જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘના અધ્યક્ષ જયંતીભાઈ પાનસુરીયા, અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી.ના ઉપાધ્યક્ષ અરુણભાઈ પટેલ, અમરેલી જિલ્લા સહકારી સંઘના યુવા સમિતિના અધ્યક્ષ જીજ્ઞેશભાઈ રામાણી, સહકારી અગ્રણીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ખાંભાના હનુમાનપુર ગામની સીમમાં વાડીએથી ૫૦ મણ મગફળીની ચોરી

**બે ઇસમો સામે નોંધાઈ ફરિયાદ**

ખાંભા, તા.૧૫

ખાંભાના હનુમાનપુર ગામની સીમમાં મગફળીના ઢગલામાંથી ૫૦ મણ મગફળીની ચોરી થતાં મામલો પોલીસ મથક સુધી પહોંચ્યો હતો.

બનાવ અંગે ખાંભાના બોરાળા ગામે રહેતા નરેશભાઈ ભીમાભાઈ મકવાણા (ઉ.વ.૩૩)એ હનુમાનપુરના બાબુભાઈ ઉર્ફે ગાંડીયો મગનભાઈ ડાભી તથા અતુલભાઈ હમીરભાઈ ડાભી સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમણે હનુમાનપુર ગામે ફાર્મે વાવવા વાડી રાખી હતી. આ વાડીએથી બન્ને આરોપીઓએ પોણા બસો મણના ઢગલામાંથી આશરે પચાસ મણ જેટલી સીંગની ચોરી કરી હતી.

૫૦ મણ મગફળી કિં.રૂ.૫૭,૫૦૦ની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. ખાંભા પોલીસ સ્ટેશનના એએસઆઈ બી.એમ. વાળા વધુ તપાસ કરી રહ્યા છે.

# ડો. પ્રવીણ તોગડીયા સાથે અમરેલી જિલ્લાના પદાધિકારીઓએ મુલાકાત કરી

અમરેલી, તા.૧૫

અમરેલી જિલ્લાના વિવિધ પદાધિકારીઓએ આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના રાષ્ટ્રીય અધ્યક્ષ પ્રવીણભાઈ તોગડીયા સાથે ૧૪ નવેમ્બર, ૨૦૨૪ના રોજ અમદાવાદ ખાતે મુલાકાત કરી હતી. જેમાં ડો. તોગડીયાએ આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ, રાષ્ટ્રીય બજરંગ દળનું સંગઠન મજબૂત થાય એવા પ્રયાસો કરવા પડશે તેમ કહ્યું હતું. જેમાં સૌરાષ્ટ્ર પ્રાંત અધ્યક્ષ ગજેરા



સાહેબ, સૌરાષ્ટ્ર પ્રાંત સંગઠન મહામંત્રી નિર્મળભાઈ ખુમાણ, અમરેલી જિલ્લા કાર્યકારી અધ્યક્ષ જીલુભાઈ વાળા, જિલ્લા મંત્રી કેતનભાઈ ઉકાણી સહિત વિવિધ આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# બોટાદ જેલમાંથી ફરાર થયેલા કેદીને અમરેલી પેરોલ ફર્લો સ્કવોડે ઝડપી પાડ્યો

અમરેલી,તા.૧૫

બોટાદ સબ જેલમાંથી ફરાર થયેલા કેદીને અમરેલી પેરોલ ફર્લો સ્કવોડે બાતમીના આધારે સલડીથી ઝડપી લીધો હતો. લીલીયાના મફતીયાપરામાં રહેતો મતો ઉર્ફે મહેશ રાઘવભાઈ ધોળકીયા સામે ઢસા પોલીસ સ્ટેશનમાં પોક્સો સહિતની કલમો હેઠળ ગુનો



નોંધાયો હતો. તેમને બોટાદ સેશન્સ કોર્ટે જેલ વોરંટ મારફત બોટાદની સબ જેલ ખાતે કસ્ટડીમાં ખસેડવામાં આવ્યો હતો. ૮ નવેમ્બરે મતો ઉર્ફે મહેશ ધોળકીયા બોટાદ જેલમાંથી ફરાર થયો હતો. અમરેલી પેરોલ ફર્લોના પીએસઆઈ આર.એલ. રાઠોડ, એએસઆઈ જે.આર. હેરમા, કે.જે.બેરા, જયપાલસિંહ ઝાલાએ બોટાદ સબ જેલમાંથી ફરાર થયેલા કાચા કામના કેદી મતો ઉર્ફે મહેશ રાઘવભાઈ ધોળકીયાને ઝડપી લીધો હતો.

# જિલ્લામાં ૩ સ્થળેથી ૧૦ લીટર પીવાનો દેશી દારૂ પકડાયો

અમરેલી, તા.૧૫

અમરેલી જિલ્લામાંથી પોલીસે ત્રણ સ્થળેથી ૧૦ લીટર પીવાનો દેશી દારૂ ઝડપ્યો હતો. લીલીયા મોટા પંચમુખી હનુમાન મંદિર પાસેથી ૫ લીટર, સરકારી પીપળવા ગામેથી ૨ લીટર તથા ધારી પ્રેમપરામાંથી ૩ લીટર પીવાનો દેશી દારૂ મળ્યો હતો. ધારીમાંથી ૩ સહિત જિલ્લામાંથી ૯ પ્યાસી પકડાયા હતા.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૦, તિથિ: એકમ
તા. ૧૬-૧૧-૨૦૨૪, શનિવાર, સૂર્યોદય-૦૬:૪૪,
સૂર્યાસ્ત-૦૫:૨૬, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: કૃતિકા

## દૈનિક રાશિફળ

તા.૧૬-૧૧-૨૦૨૪ શનિવાર

- મેષ: આજે કોઈ પણ સરકારી કે અંગત બાબત સરળતાથી ઉકેલાઈ જશે. જેથી મન પ્રસન્ન રહેશે. પરિવારમાં સુખ અને શાંતિ તમારી પ્રાથમિકતા રહેશે.
- વૃષભ: આજે કોઈ પણ ખાસ સમસ્યાનો પરસ્પર સમજૂતીથી ઉકેલ લાવી શકાય છે. સમય જતાં જૂના મતભેદો અને ગેરસમજણો દૂર થશે.
- મિથુન: પરિવારના સભ્યો સાથે થોડો સમય વિતાવવો અને વાતચીત દ્વારા સમસ્યાનું સમાધાન શોધવું. ઉપરાંત, કોઈ ચોક્કસ મુદ્દા પર ચર્ચા થઈ શકે છે.
- કર્ક: સંતાન સંબંધિત કોઈ વિશેષ કાર્ય પૂર્ણ થવાથી રાહત મળશે. પરિવારના કોઈ સદસ્યના લગ્નને કારણે સારો સંબંધ બની શકે છે.
- સિંહ: તમને છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલી સમસ્યાઓમાંથી રાહત મળશે. અચાનક તમને ક્યાંકથી સહયોગ અને યોગ્ય સલાહ મળશે.
- કન્યા: પરિવારના સભ્યો તમારી પાસેથી કેટલીક અપેક્ષાઓ રાખશે અને તમે તેને પૂર્ણ કરી શકશો. તમારી પ્રવૃત્તિઓ ગુપ્ત રાખવી વધુ સારું છે.
- તુલા: ફોન કોલ દ્વારા મહત્વપૂર્ણ સૂચના પ્રાપ્ત થઈ શકે છે. ધાર્મિક અને આધ્યાત્મિક કાર્યોમાં પણ સમય પસાર થશે.
- વૃશ્ચિક: ખોટી પ્રવૃત્તિઓ પર ધ્યાન આપ્યા વિના તમારા અંગત કાર્યો પર ધ્યાન કેન્દ્રિત કરો. લાંબા સમયથી ચાલતી કોઈપણ ચિંતા અને તણાવથી રાહત મળી શકે છે.
- ધન: આજનો મોટાભાગનો સમય ઘરના કામમાં પસાર થઈ શકે છે. ધાર્મિક સંસ્થા સાથે જોડાયેલા કાર્યોમાં પણ તમે સહયોગ કરશો.
- મકર: નજીકના સંબંધીની સમસ્યાના ઉકેલમાં તમારું વિશેષ યોગદાન રહેશે. તમારી હોશિયારી અને યોગ્યતાની પ્રશંસા કરવામાં આવશે.
- કુંભ: પરિવાર સાથે મનોરંજન અને ખરીદી જેવી પ્રવૃત્તિઓમાં તમારા દ્વારા લેવામાં આવેલ કોઈપણ મહત્વપૂર્ણ નિર્ણયની પ્રશંસા કરવામાં આવશે.
- મીન: ઘરની સફાઈ અને અન્ય કાર્યોમાં સમય પસાર થશે. તમારા પ્રિયજન સાથે બેસો અને તમારી લાગણીઓ વ્યક્ત કરો.









## તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - જાફરાબાદની કોર્ટમાં

જન્મ / મરણ અરજી નં.૧૮૧/૨૦૨૪

અરજદાર :- શ્રી ગોહિલ રવજીભાઈ સામતભાઈ
સરનામું :- મું.હેમાળ તા.જાફરાબાદ, જિ.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને
તલાટી કમ મંત્રીશ્રી-હેમાળ
મું.હેમાળ તા.જાફરાબાદ જિ.અમરેલી

**:: નોટીસ ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના હેમાળ** ગામના શ્રી ગોહિલ રવજીભાઈ સામતભાઈ એ તેમના (૧) નાનાભાઈ નામે સ્વ.શ્રી ગોહિલ ભરતભાઈ સામતભાઈ નું મરણ તા.૨૩/૦૮/૨૦૧૧ (૨) નાનાભાઈ ના પત્ની નામે સ્વ. શ્રી ગોહિલ પાર્વતીબેન ભરતભાઈ નું મરણ તા.૩૧/૦૧/૨૦૧૨ નાં રોજ મરણ થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી વાલજીભાઈ બી.ભીલ** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **મરણ** નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો,તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ.૧૧ માહે. નવેમ્બર સને. ૨૦૨૪ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ :- ૧૧/૧૧/૨૦૨૪
(કોર્ટનો સિક્કો)
સહી,
તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

## તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - જાફરાબાદની કોર્ટમાં

જન્મ / મરણ અરજી નં.૧૯૬/૨૦૨૪

અરજદાર :- શ્રી હરજીભાઈ કાનાભાઈ સોલંકી
સરનામું :- મું.ખારાવાડ મોટા ખારો જાફરાબાદ તા.જાફરાબાદ જિ.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને
ચીફ ઓફીસરશ્રી-જાફરાબાદ
મું.જાફરાબાદ તા.જાફરાબાદ જિ.અમરેલી

**:: નોટીસ ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના જાફરાબાદ** ગામના શ્રી હરજીભાઈ કાનાભાઈ સોલંકી એ તેમના નાનાભાઈ નામે શ્રી ગભાભાઈ કાનાભાઈ સોલંકી નો જન્મ તા.૦૧/૦૧/૧૯૫૭ નાં રોજ જન્મ થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી ઉમેશભાઇ વી.વરૂ** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ** નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો,તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ.૧૧ માહે. નવેમ્બર સને. ૨૦૨૪ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ :- ૧૧/૧૧/૨૦૨૪
(કોર્ટનો સિક્કો)
સહી,
તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

## તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - જાફરાબાદની કોર્ટમાં

જન્મ / મરણ અરજી નં.૧૮૩/૨૦૨૪

અરજદાર :- શ્રી ઉનડભાઈ રામભાઈ ભુવા
સરનામું :- મું.લોઠપુર તા.જાફરાબાદ જિ.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને
તલાટી કમ મંત્રીશ્રી, લોઠપુર
મું.લોઠપુર તા.જાફરાબાદ જિ.અમરેલી

**:: નોટીસ ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના લોઠપુર** ગામના શ્રી ઉનડભાઈ રામભાઈ ભુવા એ તેમની પુત્ર નામે **શ્રી અમીરાજ ઉનડભાઇ ભુવા નો** જન્મ તા.૦૫/૦૪/૨૦૦૫ નાં રોજ જન્મ થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી ઉમેશભાઇ વી. વરૂ** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ** નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ.૧૧ માહે. નવેમ્બર સને. ૨૦૨૪ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ :- ૧૧/૧૧/૨૦૨૪
(કોર્ટનો સિક્કો)
સહી,
તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

**તંત્રી લેખ**

## મફતની રેવડી વેચવામાં અમેરિકન પણ પાછળ નથી

વિશ્વની સૌથી જૂની લોકશાહી ધરાવતા અમેરિકાના નેતાઓ પણ ભારતના નેતાઓની જેમ જ મફતની રેવડી વેચવામાં જરાય પાછા પડ્યા નથી. ડોનાલ્ડ ટ્રમ્પે ચૂંટણી જીતવા માટે જે જે વચનો આપ્યા છે તેનો અમલ કરવો એ સહેલી વસ્તુ નથી. ચૂંટણી જીતવા માટે જે મફતની રેવડી વહેંચી છે અને તેમાં સૂચિત નીતિઓનો અમલ કરવો અમેરિકા માટે વિઘાતક સાબિત થઈ શકે છે. તેમને કહ્યું કે આયાત પરની ડ્યુટી વધારવામાં આવશે તો આની સીધી અસર સ્થાનિક ઉત્પાદન પ્રમાણમાં મોંઘુ થશે પરિણામે અમેરિકામાં ફુગાવો વધશે, ફુગાવો વધે તો વ્યાજ દર પણ વધારવા પડે પરિણામે અમેરિકન અર્થતંત્રનો વૃદ્ધિદર ઘટશે. આ ઉપરાંત કોર્પોરેટ ટેક્સમાં જો ઘટાડો કરવામાં આવશે તો રાજકોષીય ખાધ વધે, તો ડોલર સમયાંતરે નબળો પડશે. ડોલર નબળો પડે તો આયાત મોંઘી થાય અને વિકાસનું મૂલ્ય ઘટશે. વિકાસ પર નિયંત્રણ મુકાય તો સ્પર્ધાત્મક દરે ઉપલબ્ધ વૈશ્વિક કૌશલ્ય સુધીની પહોંચનો છેદ ઉડી જશે. આમ ટ્રમ્પે જે મફતની રેવડી વેચવા માટે જે આર્થિક નીતિ ઘોષિત કરી છે તેના પરિણામો અમેરિકન અર્થતંત્ર માટે ખૂબ જ ઘાતક સાબિત થશે પરંતુ ચૂંટણી જીતવા માટે આવા વચનો આપવા જરૂરી છે. પરંતુ તેનું પાલન કેટલા અંશે થાય છે તે હવે પછી જોવા મળશે. હવે ભારતની વાત કરીએ તો ભારત મફતની રેવડી વેચવામાં અમેરિકાથી પાછું પડે તેમ નથી. લોકપ્રિય બનવા માટે અને વધુમાં વધુ મત મેળવીને સત્તાની ખુરશી હાસલ કરવા માટે કેટલાક રાજ્યો મફતની રેવડી આડેધડ વેચવા માંડે છે. ત્યારે આ રાજ્યો દેવાળું ફૂકવાની અણી પર આવી જાય છે. મફતની રેવડી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આપેલો શબ્દ છે. સાદી ભાષામાં કહીએ તો મફતખોરી. અને આને માટે આ શબ્દ વાપરવામાં આવ્યો છે. જનતા માટે મફત વીજળી, પાણી, મહિલાઓ યુવાનો માટે દર મહિને આર્થિક મદદ શરૂ કરી દે છે, બસ રેલવેમાં મફત મુસાફરી શરૂ કરી દે છે જેથી રાજ્યના હાલ અંતે ખરાબ થાય છે. વિશ્વના કેટલાક દેશોમાં પણ આ જ રીતની પરિસ્થિતિ છે આ દેશો પણ આવા ખેલ શરૂ કરી દે છે. આપણા દેશમાં કેટલાંક રાજ્યો તથા વિશ્વના કેટલાક દેશોના પણ આવા જ હાલ છે. આ પરિસ્થિતિ આર્થિક અનુશાસનના અભાવ અને સત્તાધીશોની મફત આપવાની કુટેવની લીધે ઉદ્ભવે છે. આપણા દેશની વાત કરીએ તો હાલમાં જ હિમાચલ પ્રદેશમાં આવી પરિસ્થિતિ ઉદ્ભવી છે.  દેશના હિમાચલ પ્રદેશ જેવાં આવાં અન્ય રાજ્યો તથા વિશ્વના અન્ય દેશો, જે આર્થિક અનુશાસનના અભાવને કારણે બરબાદ થયા છે. જ્યાં સત્તા મળે તે પ્રદેશને થોડા જ વખતમાં પાયમાલ કરી દેવાનો ખેલ કોંગ્રેસ કરે છે. ૨૦૧૪ સુધી આપણે કેન્દ્રમાં એ જોયું. તેમણે પોતાના ઘર ભરવાના જ કામ કર્યા છે. પ્રજા બેહાલ બની હતી. પણ વચ્ચે-વચ્ચે જે રાજ્યો હાથમાં આવે છે તેમાં કોંગ્રેસ આ ખેલ કરતી રહે છે. તેનું તાજું ઉદાહરણ હિમાચલ, ઝારખંડ પ્રદેશનું છે. આ રાજ્ય કોંગ્રેસે ૨૦૨૨માં જીત્યું અને હવે આર્થિક સ્થિતિ એવી કરી દીધી છે કે, મુખ્યમંત્રી અને મંત્રીઓના બે મહિનાના પગાર તો ૨૦% હિસ્સો ચૂકવવામાં, ૯ રૂપિયા લોન ચૂકવવામાં અને ૧૦ રૂપિયા ગ્રાન્ટ આપવામાં ખર્ચાય છે.

# મહારાષ્ટ્રનો મહાસંગ્રામ ચરમસીમાએ પહોંચ્યો

**પ્રાસંગિક**
સુરેશ દેસાઈ


મહારાષ્ટ્રમાં ફરી એકવાર મહારાષ્ટ્રનાં પૂર્વ સીએમ ઉદ્ધવ ઠાકરેનાં હેલિકોપ્ટરની અને બેગની તપાસ કરવામાં આવતા શિવસેના ભડકી છે. તેઓ ચૂંટણી પ્રચાર માટે હેલિકોપ્ટરમાં લાતૂર ગયા ત્યારે હેલિકોપ્ટરની સાથે તેમની બેગની પણ તપાસ કરાઈ હતી. શિવસેનાએ X પર આનો વીડિયો શેર કર્યો હતો. શિવસેના ઉદ્ધવ ગ્રૂપે આરોપ લગાવ્યો છે કે બદલાની ભાવનાથી તેમની સામે કાર્યવાહી કરાઈ રહી છે. બીજી તરફ શાસક પક્ષની મહાયુતિ ભાજપ-શિવસેના-એનસીપી દ્વારા મતદારોને પૈસા આપવાનાં મામલે કોઈ કાર્યવાહી કરાતી નથી. જો કે ચૂંટણી પંચે બચાવ કર્યો હતો કે નક્કી કરવામાં આવેલી આચારસંહિતા અને માપદંડો મુજબ કોઈ પક્ષપાત વિના સૌની તલાશી લેવામાં આવે છે. આ તલાશીને કારણે મહારાષ્ટ્રના પૂર્વ સીએમ ઉદ્ધવ ઠાકરે એકદમ ગુસ્સે થયા હતા. અને તલાશીની આ કાર્યવાહી સામે અધિકારીઓ સાથે જીભજોડી કરી હતી. પોતે વીઆઈપી વ્યક્તિ છે આથી આ તપાસ કરવી જરાય વ્યાજબી નથી તેમ કહ્યું હતું. આના જેવો જ એક પ્રસંગ યાદ કરવા જેવો છે. અમેરિકાના એરપોર્ટ પર પાકિસ્તાનના એક ટોચના પ્રધાનમંત્રીને અટકાવીને તેની ઝડતી લેવામાં આવી હતી. તે સમયે તેમણે કહ્યું કે ભારતના કોઈ મોટા નેતા અમેરિકા આવે ત્યારે તેનું રેડ કાર્પેટ પર સ્વાગત કરવામાં આવે છે અને અમારી સાથે આવું વર્તન શા માટે? તેમ કહીને દલીલબાજી કરી હતી.આવી જ ભારતના કેટલાક ફિલ્મ અભિનેતાઓને પણ સાઈડમાં ઊભા રાખીને જડતી લેવામાં આવી જ્યારે તેઓ ભડકી ઉઠ્યા હતા અને પોતાના સ્ટારડમને અવગણવામાં આવ્યું હોય તેમ ગુસ્સે ભરાયા હતા. ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ અબ્દુલ કલામ જ્યારે અમેરિકા ગયા ત્યારે ત્યાંના અધિકારીઓએ વિનય પૂર્વક તેમની બેગ તપાસવા માટે માગી હતી અને એપીજે અબ્દુલ કલામે ખૂબ જ સહજ ભાવથી મુસ્કુરાઈને કહ્યું હતું કે કાયદાનું પાલન કરો!! આની સામે મહારાષ્ટ્રના પૂર્વ સીએમ ઉદ્ધવ ઠાકરે આજે સત્તામાં નથી આમ છતાં પોતાનો શિવસેનાના સુપ્રીમો તરીકેનો દબદબો ખંડીત થતો હોય તેમ અનુભવે છે અને જીભાજોડી પર ઉતરી આવે છે. હવે પોતે સીએમના પદ પર નથી છતાં પણ તેનું સ્ટેટસ સીએમ જેવું જ છે તેમ તેઓ સિદ્ધ કરવા માંગે છે. પરંતુ ઈલેક્શન કમિશનના અધિકારીઓ કાયદાનું પાલન કરવા માટે તમામની બેગો ચેક કરે છે તેની સામે વાંધો ઉપાડવો ન જોઈએ અને શાંતિથી ચેકિંગ કરવા દેવું જોઈએ. વ્યર્થ વિવાદ થયા પછી પણ અધિકારીઓએ બેગ તો ચેક કરી જ. એક સમયે ઉદ્ધવ ઠાકરે સીએમ હતા ત્યારે તેનો પાવર સાતમા આસમાને હતો. એક પ્રસિદ્ધ ટીવી ચેનલના વરિષ્ઠ અધિકારીઓને હેરાન કરવામાં જરાય પાછીપાની નહોતી કરી તેની ધરપકડ કરવા માટે મોટું લશ્કર લઈને આ ટીવી ચેનલના અધિકારીના ઘરે જઈને પરિવારની હાજરીમાં અપમાનિત કરીને ધરપકડ કરી હતી. આવી જ રીતે પ્રસિદ્ધ ફિલ્મ અભિનેત્રીને પરેશાન કરવા માટે તેનો સ્ટુડિયો બુલડોઝરથી તોડી નાખ્યો હતો. સત્તાના તોરમાં આ બધું ખોટું કર્યું હતું પરંતુ હવે તેઓ જ સત્તા પર નથી તે વસ્તુ ઉદ્ધવ ઠાકરેજી ભૂલી ગયા. હવે સત્તા પ્રાપ્ત કરવા માટે




એડીચોટીનું જોર લગાવી રહ્યા છે ને પોતાની શિવસેના સાચી શિવસેના છે તેવું લોકોના મનમાં ઠસાવી રહ્યા છે. પરંતુ અસલી શિવસેના હિન્દુત્વના વિરોધમાં નહોતી બાલા સાહેબ ઠાકરે હિન્દુ હૃદય સમ્રાટ હતા. અને ઉદ્ધવ ઠાકરે મહાવિકાસ અઘાડીની સાથે જોડાઈ ગયા. મહારાષ્ટ્રની વર્તમાન વિધાનસભા ચૂંટણી અત્યાર સુધીની સૌથી વધુ ગરમાગરમીવાળી અને ભ્રમમાં નાખનારી ચૂંટણી છે. બધાની નજર શરદ પવાર પર છે. મરાઠા બાહુબલી શરદ પવારનો રાજ્યના રાજકારણમાં ચાર દાયકાથી દબદબો રહ્યો છે, પછી તેઓ મુખ્યમંત્રી પદે રહ્યા હોય કે સત્તાની પાછળ. તેઓ બે વાર વિરોધ પક્ષમાં પણ બેઠા છે. આજે ૮૩ની ઉમરે તેઓ જાણે છે કે, કદાચ આ તેમનો અંતિમ દાવ છે. તેઓ પોતાનો વારસો અને એનસીપીનું ભવિષ્ય મજબૂત કરવા માગશે. હવે તેઓ વૃદ્ધ હોવા છતાં સિંહની જેમ ગરજે છે. મહારાષ્ટ્રનો પર્યાય બની ગયેલા શરદ પવારની ઉમર અને તંદુરસ્તીએ તેમને શારીરિક રીતે ભલે નબળા પાડી દીધા હોય, પરંતુ મગજ તો પહેલા જેવું જ તેજ છે. એનસીપી (શરદ પવાર)ના પ્રમુખ શરદ પવાર જે રીતે ચૂંટણી પ્રચાર માટે સમગ્ર મહારાષ્ટ્રનો પ્રવાસ કરી રહ્યા છે એ જોઈને ઘણાને નવાઈ લાગે છે. વધતી ઉંમર અને નાદુરસ્ત તબિયત હોવા છતાં પવાર ખુબ આક્રમક રીતે મહાવિકાસ અઘાડીનો પ્રચાર કરી રહ્યા છે. એક ચૂંટણી સભાને સંબોધન કરતા એમણે કહ્યું હતું કે, મહાયુતિ સરકારમાં કોઈને ખેતી બાબતે સમજણ નથી. રાજ્યના શિક્ષિત બેરોજગારો માટે આ સરકાર વિચાર કરતી નથી. સરકારને સત્તામાં રહેવાનો કોઈ અધિકાર નથી. રાજ્યમાં ખેડૂતોની અવગણના કરવામાં આવી રહી છે, જેનો જવાબ ખેડૂતો ચૂંટણીમાં આપશે. મોટા ઉદ્યોગોને મહારાષ્ટ્રમાંથી ગુજરાત મોકલી આપવામાં આવ્યા છે. જાણકારોનું કહેવું છે કે ભૂતકાળની ચૂંટણીઓમાં શરદ પવારે ક્યારેય આટલી આક્રમકતાથી પ્રચાર કર્યો નથી. એમવીએની રચના જ તેમની હતી. ગઠબંધનમાં રહીને ૨૦૧૯ની વિધાનસભા ચૂંટણી જીતવા છતાં સંયુક્ત શિવસેના અને ભાજપ સરકાર બનાવવા માટે સહમતી પર પહોંચવામાં નિષ્ફળ રહ્યા હતા. જ્યારે ભાજપે પહેલા એકનાથ શિંદેને અલગ કરીને શિવસેના અને પછી તેમના ભત્રીજા અજિત પવારને અલગ કરીને પવારની પોતાની પાર્ટી એનસીપીમાં ભાગલા પડાવી દીધા. શરદ પવાર માટે આ મોટો ઝટકો હતો અને ત્યારથી તેઓ બદલો લેવા માગતા હતા. તેમને લોકસભા ચૂંટણીમાં તક મળી જ્યારે તેમણે મહાયુતિને હરાવવા અને મહારાષ્ટ્રની ૪૮માંથી ૩૦ સીટ જીતવામાં એમવીએની મદદ કરી હતી. મહારાષ્ટ્ર અને યુપીમાં પરાજયે જ ભાજપને બહુમતના આંકડાથી નીચે લાવી દીધો હતો અને તેને ગઠબંધન સરકાર બનાવવાની ફરજ પડી હતી. હવે શરદ પવાર બીજા રાઉન્ડની તૈયારી કરી રહ્યા છે અને તેમને આશા છે કે, ભાજપને મહારાષ્ટ્રમાંથી બહાર કરવાનો આ અંતિમ રાઉન્ડ હશે. સીટોની વહેંચણીના મુદ્દે ઉદ્ધવની શિવસેના અને કોંગ્રેસ વચ્ચે અંત સુધી ખેંચતાણ ચાલી હતી અને સમાધાન માટે શરદ પવારને બોલાવાયા. પવારે સમાધાનની સાથે જ પોતાનો હિસ્સો પણ લઈ લીધો. શરદ પવારની ફોર્મ્યુલા ધ્યાન આપવા જેવી છે. પવારનો મુખ્ય પ્રભાવ પશ્ચિમ મહારાષ્ટ્રમાં છે. આ ક્ષેત્રમાં વિધાનસભાની ૭૦ સીટ છે. લોકસભા ચૂંટણીમાં પવારે માત્ર ૧૦ સીટ પર ચૂંટણી લડી હતી, જેમાં એ ૭૦માંથી ૬૫ વિધાનસભા સીટ આવે છે. બન્યું પણ એવું જ છે. મહારાષ્ટ્રમાં અન્ય પક્ષોની સરખામણીએ પવારનો સ્ટ્રાઈક રેટ સૌથી વધુ હતો. તેમણે ૧૦માંથી ૮ સીટ જીતી હતી. હવે અજિત જૂથના ૭ મહત્ત્વના પક્ષપલટુઓને તેઓ પાછા ખેંચી લાવ્યા છે અને પુત્રી સુપ્રિયા સુલે, ભત્રીજા રોહિત અને પૌત્ર યુગેન્દ્રની વચ્ચે ઉત્તરાધિકાર માટેનો ક્રમ નક્કી કરી નાખ્યો છે.

**મહારાષ્ટ્રની વિધાનસભાની ચૂંટણીની આડે હવે આંગળીને વેઢે ગણાય એટલા દિવસો બાકી રહ્યા છે ત્યારે મહારાષ્ટ્રનો મહાસંગ્રામ તેના ક્લાઇમેક્સ પર પહોંચી ચૂક્યો છે. ગુજરાતીમાં એક કહેવત છે કે દીવા પાછળ અંધારું. આ કહેવત માત્ર રાજકારણમાં જ નહી જીવનના તમામ ક્ષેત્રોમાં લાગુ પડે છે. એક સમયે મહારાષ્ટ્રમાં બાલા સાહેબ ઠાકરે હિન્દુત્વના હૃદય સમ્રાટ હતા પરંતુ તેમના સુપુત્ર ઉદ્ધવ ઠાકરે સત્તા માટે હિન્દુત્વનો વિરોધી બની બેઠા છે.**

## શબ્દ સંજોગ-૧૯૦૨



**આડી ચાવી :**
(૧) એક તિથિ (૩)
(૩) બહેનનો દીકરો કે દીકરી (૩)
(૬) એક ફરસાણ (૩)
(૭) પહોર-પહોરને આંતરે ઘડિયાળાં વગાડવામાં આવે છે તે (૩)
(૮) એક નક્ષત્ર (૩)
(૧૦) હિસાબ, ગણતરી (૩)
(૧૧) બંધિયાર પાણીમાં થતી એક ચીકણી વનસ્પતિ (૨)
(૧૨) ભાગ, ઓરડો (૨)
(૧૩) લાકડાની ઝીણી કરચ (૨)
(૧૪) કાળજું, લીવર (૩)
(૧૬) કરો.....ના (૨)
(૨૦) ખીચડો, ગોટાળો (૨)
(૨૧) ભૂલથાપ (૨)
(૨૩) જોડાની અંદર નાખવામાં આવતું નરમ છુટુ પડ (૪)
(૨૬) એક પક્ષી (૫)
(૨૭) પગથિયાવાળો કૂવો (૨)
(૨૮) દુધ ભરાયેલા કણસલાને ભૂંજીને કાઢેલા કણ (૨)
(૨૯) જમણી હથેળીમાં પાણી લઈ પી જવુ તે (૪)

**ઉભી ચાવી :**
(૧) ધારી તાલુકો આ જીલ્લામાં આવ્યો (૪)
(૨) કડકાઈ (૩)
(૩) સૌરાષ્ટ્રનું એક ગામ, જેના નામમાં એક ઝાડનું નામ સમાયેલુ છે (૪)
(૪) દુનિયા, વિશ્વ (૩)
(૫) સરદાર વલ્લભભાઈ પટેલનો ઉછેર આ ગામમાં થયો હતો (૫)
(૯) કંકણ, કડું (૩)
(૧૨) ચીવટપૂર્વક મંડયા રહેવાનો ગુણ (૨)
(૧૫) મહેરબાની, દયા (૨)
(૧૭) નાનું કૂંડાળુ (૩)
(૧૮) કુંતી (૨)
(૧૯) ડાંગર(વેપારીઓનો સંકેત) (અવળું) (૩)
(૨૨) પળ, ક્ષણ (૩)
(૨૩) પાકો રસ્તો (૩)
(૨૪) ટેવ, લત (અવળું) (૩)
(૨૫) સ્તુતિ (૩)
(૨૭) સુંદર, ડાબું (૨)

## શબ્દ સંજોગ-૧૯૦૧ જવાબ

**આડી ચાવી:** (૧) હળધર (૪) રાહ (૭) રબર (૯) રોશન (૧૦) કમળ (૧૩) કુમક (૧૪) ખેર (૧૫) વપરાશ (૧૭) રવાલ (૧૯) પ્રે (૨૧) વલ્લભ (૨૨) મનવાર (૨૪) શરત (૨૫) લોખંડ (૨૬) મારફત.
**ઉભી ચાવી:** (૧) હવેલી (૨) ધરવ (૩) રબ (૫) હરોળ (૬) પાનખર (૮) રકમ (૧૧) મકર (૧૨) સંપ (૧૩) કુશ (૧૪) ખેલ (૧૫) વગવસીલો (૧૬) રાસભ (૧૮) વામન (૨૦) બોર (૨૨) મતમા(માતમ) (૨૩) વાકેફ.

# માર્કેટયાર્ડના ભાવ

### રાજકોટ

| | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૩૪૦ | ૧૫૫૫ |
| ઘઉં લોકવન | ૫૯૬ | ૬૨૫ |
| ઘઉં ટુકડા | ૫૮૪ | ૬૭૦ |
| જુવાર સફેદ | ૭૩૦ | ૮૪૪ |
| જુવાર લાલ | ૯૦૦ | ૧૦૦૦ |
| જુવાર પીળી | ૪૦૦ | ૫૦૦ |
| બાજરી | ૪૫૦ | ૫૯૦ |
| તુવેર | ૧૧૦૦ | ૨૧૩૦ |
| ચણા પીળા | ૧૦૦૦ | ૧૩૪૦ |
| ચણા સફેદ | ૨૦૫૦ | ૨૬૭૦ |
| અડદ | ૧૨૫૦ | ૧૭૦૧ |
| મગ | ૧૧૯૦ | ૧૬૫૦ |
| વાલ દેશી | ૧૦૫૦ | ૧૯૩૩ |
| વાલ પાપડી | ૧૫૦૦ | ૨૦૦૦ |
| ચોળી | ૧૫૦૦ | ૨૭૬૦ |
| સીંગદાણા | ૧૩૦૦ | ૧૬૦૦ |
| મગફળી જાડી | ૯૫૧ | ૧૨૪૦ |
| મગફળી જીણી | ૯૮૧ | ૧૨૨૫ |
| તલી | ૨૦૦૦ | ૨૭૫૦ |
| એરંડા | ૧૧૩૦ | ૧૨૭૭ |
| સુવા | ૧૦૦૦ | ૧૩૭૦ |
| સોયાબીન | ૭૮૫ | ૯૦૦ |
| સીંગફાડા | ૧૦૫૦ | ૧૪૦૦ |
| કાળા તલ | ૨૬૪૦ | ૪૦૦૦ |
| લસણ | ૪૫૦૦ | ૬૧૪૦ |
| ધાણા | ૧૩૦૦ | ૧૬૧૬ |
| ધાણી | ૧૩૨૫ | ૧૭૬૮ |
| વરીયાળી | ૧૦૨૦ | ૧૩૦૮ |
| જીરૂ | ૪૩૦૦ | ૪૮૦૦ |
| રાય | ૧૦૩૦ | ૧૩૮૦ |
| મેથી | ૧૦૬૦ | ૧૫૨૦ |
| ઇસબગુલ | ૧૫૫૦ | ૨૧૨૧ |
| રાયડો | ૧૦૩૫ | ૧૧૬૦ |
| રજકાનું બી | ૪૧૨૫ | ૫૪૭૫ |
| ગુવારનું બી | ૯૦૦ | ૯૪૫ |

### રાજકોટ(શાકભાજી)

| | | |
|---|---|---|
| લીંબુ | ૬૦૦ | ૧૨૦૦ |
| બટેટા | ૫૦૦ | ૭૦૦ |
| ડુંગળી સુકી | ૧૧૫ | ૭૨૦ |
| ટમેટા | ૫૦૦ | ૭૫૦ |
| સુરણ | ૧૨૦૦ | ૧૩૦૦ |
| કોથમરી | ૩૦૦ | ૬૦૦ |
| મુળા | ૩૦૦ | ૫૦૦ |
| રીંગણા | ૨૪૦ | ૪૦૦ |
| કોબીજ | ૩૦૦ | ૪૪૦ |
| ફ્લાવર | ૫૦૦ | ૭૦૦ |
| ભીંડો | ૪૦૦ | ૬૦૦ |
| ગુવાર | ૮૦૦ | ૧૪૦૦ |
| ચોળાસીંગ | ૬૦૦ | ૮૦૦ |
| વાલોળ | ૬૦૦ | ૧૦૦૦ |
| ટીંડોળા | ૩૦૦ | ૭૦૦ |
| દુધી | ૨૦૦ | ૩૦૦ |
| કારેલા | ૫૦૦ | ૬૦૦ |
| સરગવો | ૪૦૦ | ૨૦૦૦ |
| તુરીયા | ૮૦૦ | ૧૨૦૦ |
| પરવર | ૧૦૦૦ | ૧૨૦૦ |
| કાકડી | ૮૦૦ | ૯૦૦ |
| ગાજર | ૮૦૦ | ૧૦૦૦ |
| ગલકા | ૫૦૦ | ૬૦૦ |
| બીટ | ૬૦૦ | ૭૦૦ |
| મેથી | ૪૦૦ | ૮૦૦ |
| વાલ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૬૦૦ |
| આદુ | ૮૦૦ | ૯૦૦ |
| મરચા લીલા | ૩૦૦ | ૭૦૦ |
| હળદર લીલી | ૬૦૦ | ૭૦૦ |
| મકાઇ લીલી | ૨૪૦ | ૩૬૦ |

### અમરેલી

| | | |
|---|---|---|
| શિંગ મઠડી | ૮૫૦ | ૧૨૦૦ |
| શિંગ મોટી | ૮૫૦ | ૧૨૩૧ |
| શિંગફાડા | ૯૫૦ | ૧૨૩૫ |
| તલ સફેદ | ૧૨૯૦ | ૨૮૧૫ |
| તલ કાળા | ૨૯૦૦ | ૪૧૫૧ |
| બાજરો | ૪૦૦ | ૪૯૨ |
| જુવાર | ૫૨૦ | ૮૦૦ |
| ઘઉં ટુકડા | ૫૬૦ | ૭૦૦ |
| ઘઉં લોકવન | ૫૮૩ | ૬૫૫ |
| અડદ | ૭૦૦ | ૧૪૦૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૪૫૨ |
| કપાસ | ૯૦૦ | ૧૫૭૨ |
| એરંડા | ૧૨૦૬ | ૧૨૧૨ |
| જીરૂ | ૨૭૦૦ | ૪૬૦૦ |
| ધાણા | ૧૦૫૦ | ૧૩૨૨ |
| સોયાબીન | ૬૦૦ | ૮૪૭ |
| મેથી | ૯૦૦ | ૧૧૧૨ |
| રજકાનું બી | ૫૦૦૦ | ૫૫૭૫ |
| મરચા | ૧૧૦૦ | ૨૪૪૦ |

### બાબરા

| | | |
|---|---|---|
| કપાસ શંકર | ૧૩૮૫ | ૧૫૯૦ |
| કપાસ કોડી | ૧૧૨૦ | ૧૨૯૦ |
| મગફળી નવી | ૧૧૨૦ | ૧૨૯૦ |
| અડદ | ૧૧૮૦ | ૧૩૦૦ |
| ઘઉં | ૫૧૪ | ૬૪૬ |
| સોયાબીન | ૭૭૮ | ૮૦૨ |
| તલ સફેદ | ૨૧૧૦ | ૨૩૯૦ |
| જીરૂ | ૪૦૭૫ | ૪૬૨૫ |
| ચણા | ૧૧૯૦ | ૧૨૫૦ |
| બાજરો | ૩૮૦ | ૪૦૦ |

### સાવરકુંડલા

| | | |
|---|---|---|
| શીંગ જીણી | ૧૦૦૦ | ૧૨૨૧ |
| શીંગ મોટી | ૧૧૦૦ | ૧૨૧૧ |
| તલ સફેદ | ૧૮૫૦ | ૨૬૪૦ |
| તલ કાળા | ૩૮૫૦ | - |
| જીરૂ | ૩૫૫૦ | ૪૫૫૬ |
| કપાસ | ૧૪૬૦ | ૧૫૮૦ |
| ઘઉં લોકવન | ૬૦૦ | ૬૩૫ |
| ઘઉં ટુકડા | ૬૧૮ | ૬૬૦ |
| બાજરો | ૩૭૯ | ૪૫૦ |
| મકાઈ | - | --- |
| અડદ | ૧૦૨૧ | ૧૩૯૧ |
| ચણા | ૧૦૭૬ | ૧૫૩૨ |
| સોયાબીન | ૭૪૧ | ૮૪૬ |

### ધારી

| | | |
|---|---|---|
| કપાસ | ૧૩૩૬ | ૧૫૧૫ |
| મગફળી | ૮૫૦ | ૧૧૦૧ |
| ઘઉ | ૫૨૬ | ૬૦૧ |
| ચણા | ૧૦૫૦ | ૧૨૭૫ |
| અડદ | ૧૩૦૦ | ૧૪૦૫ |
| સોયાબીન | ૬૫૧ | ૮૦૮ |
| ધાણા | ૧૦૫૦ | ૧૨૭૫ |
| સિંગદાણા | ૧૦૨૫ | ૧૦૨૫ |

### બગસરા

| | | |
|---|---|---|
| કપાસ | ૧૨૫૦ | ૧૫૯૦ |
| ઘઉ લોકવન | ૪૯૧ | ૬૧૬ |
| ઘઉ ટુકડા | ૫૦૦ | ૬૪૫ |
| ચણા સફેદ | ૧૦૦૦ | ૧૨૧૨ |
| ચણા | ૯૩૫ | ૧૩૦૦ |
| જીરૂ | ૩૦૦૫ | ૩૦૦૫ |
| અડદ | ૧૦૧૦ | ૧૨૮૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૨૨૦ |
| સોયાબીન | ૫૦૦ | ૭૯૧ |
| બાજરો | ૫૬૨ | ૫૬૨ |
| શીંગદાણા | ૧૧૦૦ | ૧૩૦૫ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૨૯૦ |
| જુવાર | ૬૦૦ | ૭૪૩ |
| મગફળી | ૭૦૦ | ૮૯૦ |
| બાજરો | ૫૬૨ | ૫૬૨ |

### ખાંભા

| | | |
|---|---|---|
| કપાસ | ૧૩૭૫ | ૧૫૩૫ |
| મગફળી | ૯૭૬ | ૧૧૪૫ |
| સોયાબીન | ૭૯૨ | ૭૯૨ |

### રાજુલા

| | | |
|---|---|---|
| શીંગ | ૯૦૦ | ૧૧૨૨ |
| તલ સફેદ | ૧૯૫૦ | ૨૨૧૦ |
| કપાસ | ૧૪૦૧ | ૧૫૪૭ |
| બાજરો | ૫૬૬ | ૬૪૧ |
| ઘઉં ટુકડા | ૫૬૩ | ૬૮૬ |
| જુવાર | ૫૬૬ | ૮૩૪ |
| અડદ | ૧૧૦૧ | ૧૩૪૭ |
| સોયાબીન | ૭૭૦ | ૮૧૧ |
| મેથી | ૯૦૦ | ૯૦૦ |
| ચણા | ૧૧૦૦ | ૧૧૦૦ |

### મોટા લીલીયા

| | | |
|---|---|---|
| કપાસ | ૧૪૧૪ | ૧૫૫૬ |

### ગોડલ

| | | |
|---|---|---|
| કપાસ | ૧૨૫૧ | ૧૫૯૧ |
| બાજરો | ૫૧૧ | ૫૫૧ |
| ઘઉં લોકવન | ૫૦૧ | ૬૩૮ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૭૨૧ |
| અડદ | ૧૧૨૧ | ૧૬૪૧ |
| ચણા | ૧૨૦૦ | ૧૩૩૧ |
| ચણા સફેદ | ૧૩૦૬ | ૨૭૬૧ |
| મગફળી જીણી | ૭૬૦ | ૧૨૧૬ |
| મગફળી જાડી | ૬૪૧ | ૧૨૪૧ |
| એરંડા | ૧૧૪૧ | ૧૨૬૧ |
| તલ | ૧૯૦૦ | ૨૬૫૧ |
| રાયડો | ૧૦૦૦ | ૧૧૨૫ |
| લસણ | ૪૦૮૦ | ૫૮૦૫ |
| જીરૂ | ૪૦૦૦ | ૪૭૯૦ |
| અજમો | ૧૫૦૦ | ૩૨૬૦ |
| ધાણા | ૧૦૫૧ | ૧૭૭૧ |
| અડદ | ૧૧૨૧ | ૧૬૪૧ |
| સોયાબીન | ૬૦૦ | ૮૭૫ |
| તુવેર | ૬૦૦ | ૨૧૩૧ |
| મેથી | ૧૦૦૦ | ૧૧૪૧ |
| શિંગ ફાડીયા | ૮૭૧ | ૧૩૬૧ |
| ગુવાર બી | ૫૨૬ | ૮૨૬ |
| ઈસબગુલ | ૯૫૧ | ૧૮૮૧ |
| ધાણી | ૧૦૫૧ | ૧૭૭૧ |
| બાજરો | ૫૧૧ | ૫૫૧ |
| મકાઈ | ૪૪૧ | ૪૫૧ |
| મગ | ૧૦૨૧ | ૧૬૯૧ |
| વાલ | ૬૨૬ | ૧૮૧૧ |
| કળથી | ૧૧૬૧ | ૧૭૬૧ |
| ગોગળી | ૭૮૧ | ૯૫૧ |

### મહુવા

| | | |
|---|---|---|
| શીંગ ૬૬ | ૧૨૫૧ | ૧૫૮૬ |
| શીંગ ૩૯ | ૯૬૬ | ૧૧૯૨ |
| શીંગ | ૯૫૧ | ૧૦૯૬ |
| શીંગ જીરુ૦ | ૧૦૦૧ | ૧૨૨૬ |
| એરંડા | ૧૨૬૩ | ૧૨૬૩ |
| જુવાર | ૪૭૧ | ૮૮૯ |
| બાજરી | ૪૧૧ | ૬૩૦ |
| ઘઉં ટુકડા | ૫૪૦ | ૭૫૧ |
| અડદ | ૭૦૦ | ૧૫૪૦ |
| સોયાબીન | ૫૫૬ | ૮૮૪ |
| તલ સફેદ | ૧૯૧૦ | ૨૩૫૪ |
| તલ કાળા | ૨૮૦૦ | ૩૮૭૨ |
| ડુંગળી લાલ | ૨૦૧ | ૯૨૫ |
| ડુંગળી સફેદ | ૨૦૦ | ૧૩૦૦ |
| કપાસ શંકર | ૧૨૨૪ | ૧૫૦૧ |
| નાળીયેર | ૬૪૫ | ૨૮૦૬ |

### કોડીનાર

| | | |
|---|---|---|
| મગફળીજી૨૦ | ૧૦૨૫ | ૧૨૧૫ |
| મગફળી૩૨નં | ૯૪૦ | ૧૧૦૦ |
| બાજરી | ૫૩૦ | ૬૦૧ |
| ઘઉં | ૫૨૫ | ૬૨૫ |
| સફેદ તલ | ૨૦૦૦ | ૨૩૧૮ |
| કાળા તલ | ૩૦૫૦ | ૩૭૦૫ |
| સોયાબીન | ૭૫૩ | ૮૫૫ |
| જુવાર | ૬૫૦ | ૮૨૪ |
| અડદ | ૧૨૦૦ | ૧૫૪૫ |
| રજકો | ૩૫૦૦ | ૫૧૦૦ |

### ભેંસાણ

| | | |
|---|---|---|
| કપાસ | ૧૩૦૦ | ૧૫૮૦ |
| મગફળી | ૭૦૦ | ૧૧૨૧ |
| સોયાબીન | ૭૦૦ | ૮૪૦ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

## દેશના યુવાનોએ ગુલામીની માનસિકતામાંથી બહાર આવવું જોઈએ : મુખ્યમંત્રી પટેલ

અમદાવાદ,તા.૧૫

અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટી ખાતે આયોજિત ભાવ, રાગ અને તાલના સંગમ એવા 'ભારતકૂલ' મહોત્સવનો પ્રારંભ કરાવતાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે દેશ અને રાજ્યની કલા અને સંસ્કૃતિને ઉજાગર કરતાં આવાં આયોજનો દેશના યુવાનોને ગુલામીની માનસિકતામાંથી બહાર લાવવામાં મહત્વનું યોગદાન આપે છે. સંસ્કૃતિ વિશે વાત કરતાં મુખ્યમંત્રીએ જણાવ્યું કે આપણી સંસ્કૃતિ અને ઈતિહાસને હરહંમેશ જીવંત રાખવી જોઈએ. આ પ્રકારના કાર્યક્રમો યુવા પેઢીને આપણી સંસ્કૃતિ, કલા અને ઈતિહાસ સાથે જોડશે તેવો વિશ્વાસ મુખ્યમંત્રીએ વ્યક્ત કર્યો હતો. તેમણે ઉમેર્યું કે યુવા પેઢીને આપણી સનાતન સભ્યતાના મૂળતઃ મૂલ્યોનો પરિચય થાય તે પણ અત્યંત



જરૂરી છે. જેમ ઘટાદાર વૃક્ષ માટે ઊંડા અને મજબૂત મૂળ હોવા જરૂરી છે તેમ સંસ્કૃતિ, સંસ્કાર અને વિરાસતના જતન સંવર્ધનને સંગીન બનાવવા તેની સાથે યુવા શક્તિનું જોડાણ પણ આવશ્યક છે. મીડિયાની કામગીરીને બિરદાવતા રાજ્યના મુખ્યપ્રધાને કહ્યું કે મીડિયાનો 'ભાવ' સમાજ માટે સારું કરવાનો હોય છે માટે માધ્યમોની સાચી ટીકાઓને વિશાળ લોકહિતમાં ધ્યાને લઈ આપણે કાર્ય કરવું જોઈએ કારણ કે, સરકાર અને માધ્યમો- બંનેનો હેતુ આખરે તો લોકકલ્યાણનો જ છે.

## PMJY યોજના હેઠળની હોસ્પિટલ મેડિકલ કેમ્પ યોજી શકશે નહી : સરકારનો આદેશ

રાજકોટ, તા. ૧૫

અમદાવાદની ખ્યાતિ હોસ્પિટલમાં પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ કરાયેલા એન્જીયોપ્લાસ્ટી અને એન્જીયોગ્રાફી સહિતના ઓપરેશન તેમજ આ યોજના હેઠળ આવરી લેવાયેલી હોસ્પિટલોમાં પણ આ પ્રકારની સારવારમાં થતાં કૌભાંડ બાદ રાજ્ય સરકારે હવે એક મહત્વના નિર્ણયમાં પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનામાં સંકળાયેલી હોસ્પિટલો પર મેડિકલ કેમ્પ યોજવા સામે પ્રતિબંધ મૂકી દીધો છે. જો તેમ છતાં કોઈ હોસ્પિટલ આ પ્રકારે કેમ્પ યોજશે તો તેની સામે આકરી કાર્યવાહી કરવામાં આવશે. દેશમાં આરોગ્ય સેવામાં ગરીબ વર્ગ માટે રૂા.પાંચ લાખ સુધીની આરોગ્ય સેવાઓ આયુષ્યમાન ભારત યોજના હેઠળ આપવામાં આવે છે જેમાં અનેક પ્રકારની બીમારીઓ અને ઓપરેશન સહિતની સારવારને આવરી લેવાય છે. ગરીબ વર્ગ માટે આશીર્વાદરુપ પુરવાર થયેલી આ યોજનાનો ગેરલાભ તબીબી જગત દ્વારા મોટાપાયે ઉઠાવાઈ રહ્યો છે. જેનો ખ્યાતિ હોસ્પિટલ કાંડથી પર્દાફાશ થયો છે જેમાં મેડિકલ કેમ્પ યોજીને ગ્રામીણ સહિતના વિસ્તારોમાંથી દર્દીઓ 'શોધી' પછી તેમને હોસ્પિટલમાં આ યોજના હેઠળ સારવારમાં ૫૦ ટકા જેવી રકમનો તગડો નફો ખાનગી હોસ્પિટલો કરી રહી છે અને તે રીતે સરકારને અબજો રૂપિયાનો ચુનો ચોપડવામાં આવી રહ્યો છે.

## શુકલતીર્થના મેળામાં ન્હાવા પડેલા ત્રણ લોકો ડૂબ્યા : એકનું મોત, બે લાપતા

ભરૂચ,તા. ૧૫



ભરૂચના શુકલતીર્થમાં નર્મદા નદીમાં ન્હાવા પડેલા ત્રણ લોકો ડૂબ્યાં હોવાની ઘટના સામે આવી છે. જેમાં એક વ્યક્તિનું ડૂબી જવાથી મોત નિપજ્યું છે. સમગ્ર ઘટનાની જાણ તંત્રને થતાં પોલીસ સહિતની ટીમે ઘટના સ્થળે પહોંચીને બચાવ કામગીરી હાથ ધરી હતી. જ્યારે અન્ય બે લાપતા લોકોની શોધખોળ ચાલી રહી છે. શુકલતીર્થમાં નર્મદા નદીમાં ન્હાવા પડેલા લોકો અમદાવાદના હોવાનું જાણવા મળ્યું છે. જ્યારે પોલીસ અને તરવૈયાની મદદથી લાપતા બે લોકોની શોધખોળ કરવામાં આવી રહી છે.

## ઉનાના દરિયા કિનારાને ડેવલપ કરવા કલેક્ટરે સરપ્રાઈઝ ચેકિંગ અને ઈસ્પેકશન કર્યું

ઉના, તા.૧૫

ઉનાના એહમદપુર માંડવી બ્લુ ફ્લેગ બીચ દરિયા કિનારા ઉપર દરિયા કાંઠાને ડેવલપ કરવા જિલ્લા કલેક્ટર દ્વારા આ વિસ્તારનું સરપ્રાઈઝ ચેકિંગ અને ઈસ્પેકશન હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં કલેકટરે પોતે જાતે જ તમામ ગેમનો, દરિયા કિનારાનો, સમુદ્રનો અને તમામ દરિયાઈ રમત-ગમતનો અનુભવ પણ કર્યો હતો. ગીર સોમનાથ કલેકટર દિગ્વિજયસિંહ જાડેજા તેમજ તેમની ટીમ દ્વારા ગુજરાતના અહેમદપુર માંડવી બ્લુ ફ્લેગ બીચ દરિયા કિનારા ઉપર દરિયા કિનારાને ડેવલપ કરવા માટે થઈને સરપ્રાઈઝ ચેકિંગ અને ઈસ્પેકશન હાથ



તસવીર : કૈલાશ ભટ્ટ

ધરવામાં આવ્યું હતું. જેમાં લાઈફ જેકેટ રીંગ બોય ફર્સ્ટ એડ કીટ કોમ્યુનિકેશન સ્કીલ સીપીઆર સ્કિલ ટ્રેનિંગ સર્ટિફિકેટ સેફટી અને સલામતીનું કડક નિરીક્ષણ કરવામાં આવેલું તેમજ એડવેન્ચર વોટર સ્પોટ દ્વારા વોટર સ્પોટ્ર્સ એક્ટિવિટી જેમકે મધ્ય દરિયાની અંદર સનરાઈઝ પોઈન્ટ, ડોલ્ફિન સફારી, પેરાસિલીંગ, સ્પીડ બોટ, બમ્પર બોટ, બનાના બોટ, જેટ સ્કી, વોટર સ્કી, જેવી તમામ ગેમ કરી જાતે દરિયા કિનારાનો તેમજ સમુદ્રનો અને તમામ દરિયાઈ રમત-ગમતનો અનુભવ કર્યો હતો.

## જૂનાગઢ મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણી અંગે જાહેરનામુ બહાર પડ્યુ

જૂનાગઢ,તા.૧૫

જૂનાગઢમાં મ્યુનિસિપલ કોર્પોરેશનની સામાન્ય ચૂંટણીને લઈને તંત્ર હરકતમાં આવ્યું છે, ત્યારે ૧૫ વોર્ડના મતદારો અને અનામત બેઠકને લઈને ચૂંટણીપંચ દ્વારા નોટિફિકેશન જાહેર કરવામાં આવ્યું છે. જૂનાગઢમાં મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી છેલ્લા ઘણાં સમયથી થઈ નથી, તેવામાં હવે રાજ્યના ચૂંટણીપંચે કોર્પોરેશનની ચૂંટણીને લઈને વોર્ડના મતદારો અને અનામત બેઠકની જાહેરાત કરી છે, ત્યારે જૂનાગઢમાં કોઈપણ નજીકના સમયમાં સામાન્ય ચૂંટણી યોજાઈ શકે છે. રાજ્યના ચૂંટણી આયોગ દ્વારા જૂનાગઢ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીનું જાહેરનામું બહાર પાડ્યું છે. જેમાં કુલ ૧૫ વોર્ડને લઈને મતદાર-અનામત બેઠકની જાહેરાત કરી છે. જેમાં કુલ ૬૦ બેઠકો છે. જ્યારે કુલ અનામત બેઠકો ૪૦ અને બિનઅનામત બેઠકો ૨૦ છે.

**પોલીસે બાતમીના આધારે દરોડો પાડ્યો**

## ઉનાના ગાંગડા ગામે હોટેલમાંથી ૨૦ જુગારી ૧૩ લાખના મુદ્દામાલ સાથે પકડાયા

ઉના, તા.૧૫

સોમનાથ પોલીસ અધિક્ષક મનોહરસિંહ એન. જાડેજાએ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણીના ભાગરૂપે જુગાર-પ્રોહિબિશનની ગેરકાયદે પ્રવૃત્તિઓ નેસ્તનાબુદ કરવા સૂચના આપી છે. એલ.સી.બી.ના ઈ.ચા.પો. ઈન્સ. એ.બી. જાડેજાના માર્ગદર્શન મુજબ પો. સબ ઈન્સ. એ.સી. સિંધવ તથા ટીમના માણસો પેટ્રોલીંગમાં



હતા તે દરમ્યાન પો.કોન્સ. રાહુલભાઈ છેલાણા, પો.હેડ કોન્સ. ગોવિંદભાઈ વાળા, પો. કોન્સ. વિજયભાઈ ચૌહાણને સંયુકત રીતે બાતમી મળી હતી કે, ગાંગડા ગામે હોટેલ ભગીરથના રૂમ નં.૧૦૫માં ૨૦ જુગારી એકઠા થયા છે. પોલીસે ત્યાં રેઈડ કરતાં રમી નામનો જુગાર રમતાં યાકુબભાઈ અબ્દુલકરીમ સસ્તાન મન્સુરી મોઠા તા.ઉના હાલ સુરત, હારૂનભાઈ અબ્બાસભાઈ મન્સુરી રહે. વરસીંગપુર હાલ સુરત, સોયેબભાઈ અલ્લારખાભાઈ મન્સુરી રહે. વરસીંગપુર, હાલ સુરત, જુબેરભાઈ દાદુભાઈ મન્સુરી રહે.વરસીંગપુર, ઈકબાલભાઈ બહાઉદીનભાઈ સમા રહે.સુરત, અકરમભાઈ ઈકબાલભાઈ બમાણી મન્સુરી રહે. ટીંબી, નીરવભાઈ રાજુભાઈ લાલાણી ખોજા રહે. ટીંબી, જુનેદભાઈ સતારભાઈ સરવૈયા મન્સુરી હાલ સુરત, મહમદ દાનીશ અબ્દુલ રહેમાન સરતાન, સોહીલભાઈ હારૂનભાઈ ઘાંચી તા.કામરેજ સુરત પકડવાના બાકી મહમદ રફીક મન્સુરી રહે. સુરત સહિતનાઓને હોટેલમાં જુગાર રમતાં પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## કોડીનાર લાડી લોહાણા સિંધી પંચાયત દ્વારા ગુરુનાનક જયંતીની ઉજવણી

કોડીનાર તા.૧૫

કોડીનાર લાડી લોહાણા સિંધી પંચાયત દ્વારા કોડીનાર સિંધી સોસાયટી ખાતે આવેલ ગુરુનાનક મંદિર ખાતેથી વહેલી સવારથી જ ભક્તિમય વાતાવરણમાં ગુરુનાનક જયંતીની ઉજવણી શરૂ કરવામાં આવી હતી જેમાં સવારે મંદિરની ધજા સાહેબ અને ત્યાર બાદ સત્સંગ, ભોગ સાહેબ તેમજ સર્વે સમાજ દ્વારા



એક સાથે રાત્રે જન્મ દિવસની ઉજવણી રૂપે કેક કાપીને એક બીજાને શુભકામનાઓ આપી હતી. આ સાથે યુવાનો દ્વારા સેવાના માધ્યમથી રાશનકાર્ડ ઈ.કે.વાય.સી તેમજ બ્લડ ગ્રુપ ચેક કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

## ઉનામાં ગાયત્રી મંદિરે માતાજીને વાનગીઓનો અન્નકૂટ ધરાયો

ઉના, તા.૧૫



ઉનામાં ગાયત્રી મંદિરે માતાજીને અવનવી જાત જાતની વાનગીનો અન્નકૂટ ધરવામાં આવ્યો હતો. તેમજ દાતાઓના સહકારથી બટુક ભોજનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં બહોળી સંખ્યામાં બાળકોએ બટુક ભોજન (પ્રસાદી)નો લાભ લીધો હતો. તુલસી વિવાહ અને અગિયારસના પવિત્ર દિવસે ગાયત્રી મંદિરના સંયોજક દ્વારા ગાયત્રી માતાજીને વિવિધ વાનગીઓનો અન્નકૂટ તેમજ બાળકોને બટુક ભોજનનું આયોજન રાખવામાં આવ્યું હતું. સાંજે આ બટુક ભોજનમાં બાળકોએ પ્રસાદી લઈ ધન્યતા અનુભવી હતી.

## ગુજરાત પોલીસના એડિશનલ ડીજી અભયસિંહ ચુડાસમાએ રાજનીતિમાં આવવા અંગે મોટો ખુલાસો કર્યો

કોડીનાર તા.૧૫

ગુજરાત પોલીસ એડિશનલ ડીજી અભયસિંહ ચુડાસમાએ રાજનીતિમાં આવવાને લઈ થઈ રહેલી અટકળો અંગે કોડીનાર ખાતે યોજાયેલા જી.આર. સી.એ.ના કાર્યક્રમમાં મોટો ખુલાસો કર્યો હતો. નિવૃત્તિ પછી અભય ચુડાસમા રાજનીતિમાં આવશે તેવી ચર્ચાઓએ વેગ પકડતાં તેમણે કોડીનાર ખાતે



જી.આર.સી.એ.ના સરસ્વતી સન્માન સમારંભના કાર્યક્રમમાં જાહેર મંચ પરથી ખુલાસો કરતાં કહ્યું કે હું નિવૃત્તિ પછી રાજનીતિમાં આવવાનો નથી, રાજનીતિ મારું ક્ષેત્ર પણ નથી અને હું આવવાનો પણ નથી. મારી નોંધ બહુ જ લેવાય છે, કાન માંડીને સાંભળતા હશે કે આજે નવું શું બોલશે. નવું એજ છે કે હું રાજકારણમાં ક્યારેય જવાનો નથી પણ નિવૃત્તિ પછી સમાજના શિક્ષણ માટેનું કામ કરીશ. અમે ટીમ બનાવીશું, ગામે ગામ ફરીશું જે વિદ્યાર્થીને જરૂરિયાત હશે તે પૂરી કરીશું.

## વડનગરના યુવાનનું સૈન્ય પ્રેક્ટિસ દરમિયાન હાર્ટ એટેકથી મોત

ડોળાસા, તા.૧૫

કોડીનાર તાલુકાનાના વડનગર ગામના આહીર સમાજના યુવાનનું સૈન્ય પ્રેક્ટિસ દરમિયાન હૃદય રોગનો હુમલો આવતાં મોત થયું હતું. યુવકના મોતના પગલે ગામમાં ગમગીની છવાઈ ગઈ હતી. વિવેકભાઈ પંપાણીયા CISF ની ત્રણેય પરીક્ષાઓ પાસ કરીને પસંદગી પામ્યા હતા.

### નામ બદલ્યું છે

હું આથી જાહેર કરનાર, જયંતિભાઈ પરશોતમભાઈ કાકડિયા, મારૂં જૂનું નામજયંતિલાલ પરશોતમભાઈ કાકડિયા બદલીને જયંતિભાઈ પરશોતમભાઈ કાકડિયા કરવામાં આવ્યું છે. તેથી હવેથી હું આ નામથી ઓળખાઈશ.

### -//એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//-

અપીલ રજી નં.૯૨/૨૦૨૪

**અરજદાર** :- શ્રી મનુભાઈ કેશવભાઈ દુધાત
રહે. સરંભડા તા. જિ.અમરેલી

-: વિરૂધ્ધ :-

**સામાવાળા** :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી,
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ.સરંભડા, તા.જિ.અમરેલી.

**::જાહેર નોટીસ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના સરંભડા ગામના મનુભાઈ કેશવભાઈ દુધાત તેઓના માતૃશ્રી ધોળીબેન કેશવભાઈ દુધાતની મરણ તા.૨૦/૦૫/૨૦૦૨ ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૧૪/૧૧/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી**
**એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ**
**અમરેલી ગ્રામ્ય**

### મામલતદાર અને તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, લાઠી

જન્મ/મરણ પરચુરણ અરજી નં.૩૬ /૨૪ તા. ૦૯/૧૧/૨૦૨૪

વિવાદી :- શ્રી ઘનશ્યામભાઈ દયાળભાઈ ઈટાળીયા
રહે.સુરત ઠે. જી-૨૦૧, સિલ્વર મેકસીમા, વી.આઈ.પી. સર્કલ, ઉતરાણ, પોષ્ટ-ઉતરાણ, સુરત મો.૯૮૭૯૫૭૪૦૭૨
C/O એચ.કે.પઢારીયા, મુ.લાઠી મો. ૮૯૮૦૧૧૨૪૮૦

**વિરૂધ્ધ**

પ્રતિવિવાદી :- **જન્મ - મરણ નોંધણી અધિકારી -વ- તલાટી કમ મંત્રીશ્રી**
**મુ.છભાડીયા તા.લાઠી, જિ.અમરેલી**

**// જાહેર નોટીસ //**
(જન્મનાં દાખલા માટે)

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે. છભાડીયા ગામના રહીશ આ કામના અરજદારશ્રી ઘનશ્યામભાઈ દયાળભાઈ ઈટાળીયા નો જન્મ તા.૦૬/૦૭/૧૯૬૨ના રોજ છભાડીયા, તા.લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૦૩/૦૮/૨૪ થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ફેર મુદત તા.૧૮/૧૧/૨૦૨૪ ના રોજ બપોરના ૩:૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો

**સહી,**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**લાઠી**

### મામલતદાર અને તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, લાઠી

જન્મ/મરણ પરચુરણ અરજી નં.૩૯ /૨૪ તા. ૦૯/૧૧/૨૦૨૪

વિવાદી :- શ્રી અરૂણાબેન બચુભાઈ પટેલ ઠે.૮૧, રામક્રિષ્ના સોસાયટી,લંબે હનુમાન રોડ, સુરત વરાછા રોડ, સુરત -૩૯૫૦૦૬ મો. ૯૭૨૭૩ ૫૯૩૪૦
C/O એચ. કે. પઢારીયા, મુ.લાઠી મો. ૮૯૮૦૧૧૨૪૮૦

**વિરૂધ્ધ**

પ્રતિવિવાદી :- **જન્મ મરણ નોંધણી અધિકારી -વ- તલાટી કમ મંત્રીશ્રી**
**મુ.છભાડીયા તા.લાઠી, જિ.અમરેલી**

**// જાહેર નોટીસ //**
(જન્મનાં દાખલા માટે)

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે છભાડીયા ગામના રહીશ આ કામના અરજદારશ્રી અરૂણાબેન બચુભાઈ પટેલનો જન્મ તા.૦૧/૦૧/૧૯૬૧ના રોજ છભાડીયા, તા.લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય / જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૦૩/૦૯/૨૪ થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ફેર મુદત તા.૧૮/૧૧/૨૦૨૪ ના રોજ બપોરના ૩:૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી,**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**લાઠી**

### મામલતદાર અને તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, લાઠી

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૩૭ /૨૪ તા. ૦૯/૧૧/૨૦૨૪

વિવાદી :- શ્રી જયંતિલાલ મોહનલાલ પટેલ ઠે.૮૧, રામક્રિષ્ના સોસાયટી, લંબે હનુમાન રોડ, સુરત વરાછા રોડ, સુરત- ૩૯૫૦૦૬ મો.૯૭૨૭૩૫૯૩૪૦
C/O એચ.કે. પઢારીયા, મુ.લાઠી મો ૮૯૮૦૧૧૨૪૮૦

**વિરૂધ્ધ**

પ્રતિવિવાદી :- **જન્મ મરણ નોંધણી અધિકારી -વ- તલાટી કમ મંત્રીશ્રી**
**મુ.છભાડીયા, તા.લાઠી, જિ.અમરેલી**

**// જાહેર નોટીસ //**
(જન્મનાં દાખલા માટે)

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.છભાડીયા ગામના રહીશ આ કામના અરજદારશ્રીના પુત્રી નિમિષાબેન જયંતિલાલ પટેલ નો જન્મ તા.૧૦/૧૧/૧૯૮૦ ના રોજ છભાડીયા, તા.લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૦૩/૦૯/૨૪ થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ફેર મુદત તા.૧૮/૧૧/૨૦૨૪ ના રોજ બપોરના ૩-૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી,**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**લાઠી**

# દિલ્હીમાં હવાનું પ્રદૂષણ ગંભીર, પ્રાથમિક શાળાઓમાં રજા જાહેર

**હરિયાણા, રાજસ્થાન, યુપીથી આવતી બસોને દિલ્હીમાં પ્રવેશબંધી**

ન્યુ દિલ્હી,તા.૧૫

ગુરુવારે દિલ્હીમાં પ્રદૂષણ ખતરનાક સ્તરે પહોંચી ગયું હતું. અહીંનાં ૩૯ પ્રદૂષણ મોનિટરિંગ સ્ટેશનોમાંથી ૩૨એ એર ક્વોલિટી ઈન્ડેક્સ (AQI)ને ગંભીર જાહેર કર્યો છે. આ હવામાં શ્વાસ લેવો પણ મુશ્કેલ છે. અહીં તમામ પ્રાથમિક (૫ ધોરણ સુધી) શાળાઓમાં રજા જાહેર કરવામાં આવી છે. બાળકો ઓનલાઈન ક્લાસમાં અભ્યાસ કરશે.



એર કમિશન ફોર એર ક્વોલિટી મેનેજમેન્ટ (CAQM) એ NCR એટલે કે હરિયાણા, ઉત્તરપ્રદેશ અને રાજસ્થાનથી આવતી બસોને દિલ્હી આવવા પર પ્રતિબંધ મૂક્યો છે. CNG અને ઈલેક્ટ્રિક વાહનોની સાથે BS-૪ ડીઝલ બસોને આમાંથી મુક્તિ આપવામાં આવી છે. આ દરમિયાન અમેરિકન વૈજ્ઞાનિક હિરેન જેઠવાએ ૧૪ નવેમ્બરે દિલ્હીની સેટેલાઈટ તસવીરો શેર કરી છે. હિરેનના મતે દિલ્હીમાં ગાઢ ધુમ્મસ છે અને AQI ગંભીર કેટેગરીમાં છે. અન્ય કેટલાંક શહેરોની ગરમીની અસર દિલ્હી પર પડી રહી છે. પંજાબના ખેડૂતો ખેતરોમાં પરાળી સળગાવી રહ્યા છે. વાહનોમાંથી નીકળતો ધુમાડો પણ AQIને બગાડી રહ્યો છે.

# જમ્મુમાં રેલવે ડિવિઝન બનશે, ૧૨ હજાર કર્મચારીઓને લાભ મળશે

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૧૫

૧૨ વર્ષની લાંબી રાહ બાદ આખરે જમ્મુને રેલવે વિભાગની ભેટ મળી છે. ૨૪ ફેબ્રુઆરી, ૨૦૧૨ના રોજ તત્કાલીન કેન્દ્ર સરકારે જમ્મુમાં રેલવે વિભાગ બનાવવાની જાહેરાત કરી હતી. હવે રેલવે મંત્રાલયે જમ્મુમાં રેલવે વિભાગની સ્થાપનાના પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે. રેલવેના દસ હજાર કર્મચારીઓને તેનો લાભ મળશે. કાશ્મીર માટે સીધી ટ્રેન સુવિધા શરૂ થાય તે પહેલા જ જમ્મુમાં રેલવે વિભાગની સ્થાપના અને કામગીરીની પ્રક્રિયા શરૂ થવાની જાહેરાત કરવામાં આવી છે. કેન્દ્રીય મંત્રી ડો.જિતેન્દ્ર સિંહે ટ્વિટર પર એક ટ્વીટ કરીને આ માહિતી આપી છે. જાન્યુઆરી સુધીમાં કન્યાકુમારીને રેલવે માર્ગે કાશ્મીર સાથે સીધું જોડવામાં આવશે. જમ્મુ અને કાશ્મીરમાં ઝડપથી વિસ્તરી રહેલા રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચરને ધ્યાનમાં રાખીને




જમ્મુ રેલવે ડિવિઝન હોવું જરૂરી બની ગયું છે. આ માટેની બ્લુ પ્રિન્ટ ઘણા સમય પહેલા તૈયાર કરવામાં આવી હતી, પરંતુ મંજૂરી મળી રહી ન હતી. હવે કેન્દ્રીય રેલવે મંત્રીએ આ પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે. પ્રસ્તાવિત બ્લૂ પ્રિન્ટમાં નવા રેલવે વિભાગનું મુખ્યાલય જમ્મુમાં હશે. તે પંજાબના સુજાનપુરથી કાશ્મીરના બારામુલા સુધી લગભગ ૪૧૭ કિલોમીટરની રેલવે લાઈનને આવરી શકે છે, જેમાં ૪૩ સ્ટેશન હશે. હાલમાં ફિરોઝપુર દેશના સૌથી મોટા રેલવે વિભાગમાં આવે છે.

# પત્ની સગીર હોય તો શારીરિક સંબંધ દુષ્કર્મ : બોમ્બે હાઈકોર્ટ

મુંબઈ,તા.૧૫

બોમ્બે હાઈકોર્ટે એક મહત્ત્વપૂર્ણ ચુકાદો આપ્યો હતો. કોર્ટે કહ્યું કે, 'જો પત્નીની ઉંમર ૧૮ વર્ષથી ઓછી હોય અને તેમની સહમતીથી શારીરિક સંબંધ બાંધનાર સામે દુષ્કર્મનો ગુનો નોંધી શકાય છે.' દોષિતની



દલીલ એવી હતી કે પીડિતા સાથેના શારીરિક સંબંધો સહમતીથી હતા. આવી સ્થિતિમાં તેને દુષ્કર્મ ન કહી શકાય. અહેવાલ અનુસાર, ૧૨મી નવેમ્બરે જસ્ટિસ ગોવિંદ સનપની બેન્ચએ આ કેસની સુનાવણીમાં કહ્યું, 'સુપ્રીમ કોર્ટ દ્વારા નિર્ધારિત કાયદાને ધ્યાનમાં રાખીને, તે સ્વીકારી શકાય નહીં કે અરજદારના પીડિત પત્ની સાથે સહમતીથી શારીરિક સંબંધ બાંધવો એ દુષ્કર્મ સમાન નથી. ૧૮ વર્ષથી ઓછી ઉંમરની સગીર સાથે શારીરિક સંબંધ બાંધવા એ દુષ્કર્મ છે, પછી ભલે તે પરિણીત હોય કે ન હોય.'

# ફોર્ચ્યુન મેગેઝિનની 'પાવરફુલ બિઝનેસમેન ૨૦૨૪'ની યાદીમાં સામેલ થનાર અંબાણી એકમાત્ર ભારતીય

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૧૫

ફોર્ચ્યુન મેગેઝિનની યાદીમાં વિશ્વના ૧૦૦ સૌથી શક્તિશાળી ઉદ્યોગપતિઓમાં મુકેશ અંબાણી એકમાત્ર ભારતીય છે. આ યાદીમાં સત્ય નડેલા અને સુંદર પિચાઈ પણ સામેલ છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણી વિશ્વના ૧૦૦ સૌથી શક્તિશાળી ઉદ્યોગપતિઓમાં સામેલ છે. 'ફોર્ચ્યુન મેગેઝિનના પાવરફુલ બિઝનેસમેન ૨૦૨૪'ની યાદીમાં સામેલ થનાર અંબાણી એકમાત્ર ભારતીય છે. આમાં ભારતીય મૂળના અન્ય છ લોકોનો




પણ સમાવેશ થાય છે, જેઓ વિદેશમાં સ્થાયી થયા છે. આ લોકો મોટા ઉદ્યોગોના સ્થાપક, ચીફ એક્ઝિક્યુટિવ અને ઈનોવેટર્સ છે. ફોર્ચ્યુને હાલમાં જ આ યાદી બહાર પાડી છે. જેમાં અંબાણી ૧૨મા સ્થાને છે. ફોર્બ્સ અનુસાર, અંબાણી એશિયા અને ભારતના સૌથી ધનિક વ્યક્તિ છે, જેમની કુલ સંપત્તિ લગભગ રૂ. ૭.૬ લાખ કરોડ ($૯૮ બિલિયન) છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની માર્કેટ કેપિટલ (માર્કેટ કેપ) ૧૩ નવેમ્બર ૨૦૨૪ના રોજ ૧૬.૯૬ લાખ કરોડ રૂપિયા છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ પેટ્રોકેમિકલ્સ, રિટેલ, મનોરંજન, ટેલિકોમ અને અન્ય ક્ષેત્રોમાં કાર્યરત છે.

# બિહારના સિવાનમાં ઝેરી દારૂના કારણે ત્રણના મોત

પટણા,તા.૧૫

સિવાનમાં ઝેરી દારૂના કારણે ફરી લોકોના મોત થયા છે. સવાર સુધીમાં ત્રણ લોકોના મોત થયા છે. લોકોનું કહેવું છે કે ત્રણેય દારૂની મહેફિલ માણતા હતા. તબિયત બગડવાના કારણે તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. પરંતુ, ડોકટરો તેનો જીવ બચાવી શક્યા ન હતા. ત્રણ મોત બાદ ફરી ગભરાટ ફેલાયો હતો. મૃત્યુઆંક વધી શકે છે. કેટલાક લોકોની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. આ ઘટના લાડકી નબીગંજની છે. આ મામલામાં એસએચઓ અજીત કુમાર સિંહે કહ્યું કે ત્રણ લોકોના મોતની માહિતી મળી છે. મૃત્યુનું કારણ હજુ સ્પષ્ટ થયું નથી. પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યા બાદ જ બધુ સ્પષ્ટ થશે. પોલીસ ટીમ આ મામલાની ગંભીરતાથી તપાસ કરી રહી છે. મૃતકોમાંથી એકની ઓળખ અમરજીત યાદવ તરીકે થઈ છે. તેની પાડોશી સોની કુમારીએ જણાવ્યું કે અમરજીત યાદવ ગુરુવારે રાત્રે દારૂ પીને આવ્યો હતો.

# ચેન્નાઈમાં ઉંદર મારવાનો પાઉડર હવામાં ભળી જતા બે બાળકોના મોત

ચેન્નાઈ,તા.૧૫

ચેન્નઈના મનનજેરી વિસ્તારના દેવેન્દ્ર નગરના ૩૪ વર્ષીય ગિરિધરન અને તેમની પત્ની પવિત્રા એક એપાર્ટમેન્ટમાં રહે છે. ગિરિધરન એક ખાનગી બેંકમાં નોકરી કરે છે.બુધવારે સવારે ગિરિધરન, તેમની પત્ની અને બંને બાળકોને ચક્કર આવવા લાગ્યા અને પછી ઉલ્ટી થવા લાગી. જ્યારે પડોશીઓને આ વાતની જાણ થઈ તો તેઓએ આખા પરિવારને હોસ્પિટલમાં દાખલ કર્યા હતા. આ સમય દરમિયાન ગિરિધરનના એક વર્ષના પુત્ર સાઈ સુદર્શન અને છ વર્ષની પુત્રી વિશાલિનીનું મૃત્યુ થયું હતું. જ્યારે ગિરિધરન અને તેની પત્ની પવિત્રાની હાલત હજુ પણ ગંભીર છે. ડોક્ટરોનું કહેવું છે કે, બંનેના સ્વાસ્થ્ય પર ધ્યાન રાખવામાં



આવી રહ્યું છે. ઘટનાની જાણ કુન્દ્રાથુર પોલીસને કરવામાં આવી હતી. પોલીસે આ મામલે તપાસ શરૂ કરી તો જાણવા મળ્યું કે ગિરિધરનનો આખો પરિવાર ઘરમાં ઉંદરોથી પરેશાન હતો. ઉંદરો ઘરની વસ્તુઓને નુકસાન પહોંચાડી રહ્યા હતા. તેથી તેમણે ઉંદરોથી છૂટકારો મેળવવા માટે પેસ્ટ કંટ્રોલ કંપનીની મદદ લીધી. કંપનીમાંથી બે લોકો આવ્યા હતા અને ઉંદર મારવાનો પાઉડર રાખ્યો હતો. આ પાવડર હવામાં ભળી ગયો હતો.

# કર્ણાટકમાં ભાજપના ધારાસભ્ય દ્વારા એચઆઈવી ફેલાવવાનું કાવતરું

**પીઆઈ સાથે મળી ભાજપના નેતાને એચઆઈવી સંક્રમિત કરવાનો પ્રયાસ**

બેંગલોર,તા.૧૫

કર્ણાટકની રાજનીતિમાં એચઆઈવી સંક્રમિત લોહી દ્વારા સંક્રમણ ફેલાવવાના મામલાએ વેગ પકડ્યો છે. હવે આ મામલે SIT એક્શનમાં આવી છે અને એક પોલીસ ઈન્સ્પેક્ટર ઈયાન રેડ્ડીની ધરપકડ કરી છે. આ પોલીસ અધિકારી વર્તમાનમાં હેબ્બાગોડી પોલીસ સ્ટેશનમાં તૈનાત હતાં. એસઆઈટીની ટીમ તેની પૂછપરછ કરશે અને સંક્રમિત લોહી વિશે માહિતી




એકઠી કરશે. પોલીસ ઈન્સ્પેક્ટર ઈયાન રેડ્ડી પર આરોપ લગાવવામાં આવ્યો છે કે, તેણે ભાજપના જ ધારાસભ્ય મુનિરત્ના નાયડૂ સાથે મળીને એક મોટું કાવતરૂ ઘડ્યું હતું. જેમાં વિધાનસભામાં પોતાની જ પાર્ટીના વિપક્ષના નેતા આર. અશોકને એચઆઈવી સંક્રમિત લોહીથી ચેપગ્રસ્ત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. મળતી માહિતી મુજબ, ઈયાન રેડ્ડી લગભગ એક વર્ષથી હેબ્બાગોડીમાં તૈનાત હતાં.

# ભારતની પિનાકા રોકેટ લોન્ચર સિસ્ટમનું સફળતાપૂર્વક પરીક્ષણ

ન્યુ દિલ્હી,તા.૧૫

ભારતે ગુરૂવારે એક વાર ફરી મોટી સફળતા પ્રાપ્ત કરતાં પિનાકા રોકેટ લોન્ચર સિસ્ટમનું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું છે. સંરક્ષણ મંત્રાલયે એક નિવેદનમાં કહ્યું કે આ પરીક્ષણો દરમિયાન રોકેટોના વ્યાપક પરીક્ષણના માધ્યમથી પ્રોવિઝનલ સ્ટાફ ક્વોલિટેટિવ રિક્વાયરમેન્ટ એટલે કે પીએસક્યૂઆરના માપદંડો જેમ



કે રેન્જિંગ, ચોક્કસાઈ, સ્થિરતા અને સેલ્વો મોડમાં ઘણા લક્ષ્યો પર નિશાન સાધવાના દરનું આકલન કરવામાં આવ્યું છે. ડીઆરડીઓએ પીએસક્યૂઆર વેલિડેશન ટેસ્ટના ભાગ તરીકે નિર્દેશિત પિનાકા રોકેટ લોન્ચર સિસ્ટમને સફળતાપૂર્વક પૂરી કરી દેવાઈ છે. સંરક્ષણ મંત્રાલયે પુષ્ટિ કરી કે લોન્ચર ઉત્પાદન એજન્સીઓ દ્વારા અપગ્રેડ કરવામાં આવેલા બે ઈન-સર્વિસ પિનાકા લોન્ચરથી કુલ બાર રોકેટોનું પરીક્ષણ કરવામાં આવ્યું છે.

# બ્રિટનમાં રહેતા હિંદુઓએ ઓક્સફર્ડ યુનિ.માં કાશ્મીર પરની ચર્ચા સામે સખત વાંધો વ્યક્ત કર્યો

(એ.આર.એલ),લંડન,તા.૧૫

બ્રિટનમાં રહેતા હિંદુઓએ ઓક્સફર્ડ યુનિવર્સિટીમાં કાશ્મીર પરની ચર્ચા સામે સખત વાંધો વ્યક્ત કર્યો હતો અને ચર્ચા દરમિયાન હોબાળો મચાવ્યો હતો. બ્રિટનમાં રહેતા હિન્દુઓએ આ અંગે ઓક્સફર્ડ યુનિયન સોસાયટીને પત્ર લખ્યો છે. પત્રમાં ચર્ચાને લઈને ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. ચર્ચાનું શીર્ષક હતું, આ ગૃહ આઝાદ કાશ્મીરને સમર્થન આપે છે. આ મુદ્દા પર પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા હતા કારણ કે ચર્ચામાં ભાગ લઈ રહેલા બે વક્તા આતંકવાદી જૂથો સાથે સંકળાયેલા છે. હિંદુઓની હિમાયત કરતી સંસ્થા સોશિયલ મૂવમેન્ટે યુનિવર્સિટી પ્રશાસનને લખેલા પત્રમાં જણાવ્યું છે કે બે વક્તા મુઝમ્મિલ અય્યુબ ઠાકુર અને ઝફર ખાનને આમંત્રણ આપવામાં આવ્યું છે. આ બંને વક્તાઓ આતંકવાદીઓ સાથે કનેક્શન ધરાવે છે.

# યુપીમાં કેબિનેટ મંત્રીના નામથી રૂા.૨.૦૮ કરોડની ઠગાઈ કરાઈ

લખનૌ,તા.૧૫

રાજ્યના કેબિનેટ મંત્રી નંદ ગોપાલ ગુપ્તા નંદીના એકાઉન્ટન્ટ રિતેશ શ્રીવાસ્તવ પાસેથી ૨.૦૮ કરોડ રૂપિયાની છેતરપિંડીના કેસમાં સાયબર પોલીસ સ્ટેશનની બે ટીમો તહેનાત કરવામાં આવી છે. જે બેંક ખાતાઓમાં પૈસા ટ્રાન્સફર કરવામાં આવ્યા છે, તેની માહિતી પણ એકત્રિત કરવામાં આવી રહી છે. રિતેશ શ્રીવાસ્તવ મંત્રી નંદ




ગોપાલ ગુપ્તાના એકાઉન્ટન્ટ છે. બે દિવસ પહેલા સાયબર ગુનેગારોએ મંત્રી નંદીના પુત્રનો ફોટો વોટ્સએપ ડીપી પર પોસ્ટ કર્યો હતો. તે પછી આ જ વોટ્સએપ દ્વારા રિતેશના મોબાઈલ પર મેસેજ આવ્યો હતો. તેમાં લખ્યું હતું કે, "હું એક ખાસ બિઝનેસ મિટિંગમાં છું. આ મારો નવો નંબર છે, તરત જ પૈસા મોકલો. આ મિટિંગ લાંબો સમય સુધી ચાલુ રહેશે. મારે તાત્કાલિક થોડા પૈસાની જરૂર છે. એ પછી સાયબર ઠગોએ ત્રણ બેંક એકાઉન્ટ નંબર મોકલ્યા. કહ્યું, આના પર પૈસા ટ્રાન્સફર કરો."તેવા સંદેશા મોકલ્યા હતા.

# બેરૂતમાં ઈઝરાયેલે બોમ્બ વરસાવ્યા, ૧૨ બચાવ કર્મચારી સહિત ૧૫ લોકોના મોત

(એ.આર.એલ),બેરૂત,તા.૧૫

ઈઝરાયેલ લેબનોનમાં હિઝબુલ્લાહના ટાર્ગેટ પર સતત બોમ્બમારો કરી રહ્યું છે. લેબનીઝ રાજધાની બેરૂતના પૂર્વી શહેર બાલબેકમાં સિવિલ ડિફેન્સ સેન્ટર પર ઈઝરાયેલ દ્વારા તાજા હવાઈ હુમલામાં ઓછામાં ઓછા ૧૨ બચાવ કર્મચારીઓ માર્યા ગયા છે. બચાવ કાર્યમાં લાગેલા અધિકારીઓએ આ અંગે માહિતી આપી છે. લેબનોન પર આ હવાઈ હુમલાના થોડા કલાકો પહેલા સીરિયાના સરકારી મીડિયાએ કહ્યું હતું કે ઈઝરાયેલના હુમલામાં તેના ૧૫ લોકો માર્યા



ગયા છે. ઈઝરાયેલ તરફથી હજુ સુધી આ અંગે કંઈ કહેવામાં આવ્યું નથી.


લેબનીઝ કટોકટી કામદારો અંદર ફસાયેલા તેમના સાથીઓની શોધમાં ઈઝરાયેલી હુમલામાં નાશ પામેલા બચાવ કેન્દ્રમાંથી કાટમાળ સાફ કરવાનું કામ કરી રહ્યા છે. ઈઝરાયેલના આ હવાઈ હુમલામાં ઘણી ઈમારતોને પણ નુકસાન પહોંચ્યું છે. માનવામાં આવી રહ્યું છે કે હજુ પણ ઘણા લોકો કાટમાળ નીચે દટાયેલા હોઈ શકે છે. ઈઝરાયેલની સેનાએ આ હુમલા અંગે તાત્કાલિક કોઈ નિવેદન આપ્યું નથી. લેબનોનના આરોગ્ય મંત્રાલયે "લેબનીઝના સરકારી આરોગ્ય કેન્દ્ર પરના બર્બર હુમલાની" નિંદા કરી અને કહ્યું કે "બે કલાકથી પણ ઓછા સમયમાં આરોગ્ય કેન્દ્ર પર આ બીજો ઈઝરાયેલ હુમલો છે."

# પુતિનને યુદ્ધ ભારે પડ્યું, રશિયાની ૩૦ એરલાઈન્સ દેવાળું ફૂંકવાની તૈયારીમાં

(એ.આર.એલ),મોસ્કો,તા.૧૫

યુક્રેન યુદ્ધને લગભગ ૩ વર્ષ થવા આવ્યાં છે. બંને દેશો એક બીજા ઉપર હુમલા કરી રહ્યા છે. આ યુદ્ધ લાંબુ ખેંચવા માટે પુતિન ઉપર આક્ષેપો મુકાય છે. તેવામાં રશિયાનો વિમાન ઉદ્યોગ એક તાજા સંકટમાં ફસાયો છે. મીડિયા રિપોર્ટ પ્રમાણે દૈનિક ઈઝવેષ્ટિયામાં કહેવામાં આવ્યું છે કે રશિયાની ૩૦ એરલાઈન્સ કંપનીઓ દેવાળુ ફૂંકવાની કગારે પહોંચી ગઈ છે. આ ૩૦ કંપનીઓ દેશના ૨૫ ટકા યાત્રીઓને લઈ જાય છે.

યુક્રેન યુદ્ધ શરૂ થતાં પશ્ચિમના દેશોએ રશિયા ઉપર આર્થિક પ્રતિબંધો મુક્યા છે. તેથી રશિયાને આર્થિક નુકસાન થઈ રહ્યું છે. આ ૨૫ પૈકી મોટા ભાગની કંપનીઓએ હવે ભાડા પટ્ટે વિમાનો લેવાનું બંધ કરવું પડયું છે. પુતિને તે કંપનીઓ માટે દેવાં માફીની કશીક યોજના



બનાવી છે. પરંતુ તે કંપનીઓ ઉપર ટેક્સનો બોજ ઘણો વધી ગયો છે. આ કંપનીઓ ઉપર ૨૫ ટકા ટેક્સ લાગે છે. મૂળ તો ૨૮ ટકા હતો. જે ઘટાડવો પડયો છે. એ-૩૨૦ વિમાનોની સંભાળ માટે માસિક ૮૦ હજારથી ૧ લાખ ૨૦ હજાર ડોલરનો ખર્ચ થાય છે. આથી ઘણી આંતરિક વિમાન સેવા રદ કરવી પડી છે. પાયલોટને પગાર આપવાનાં ફાંફાં છે તેથી તેઓ નોકરી છોડી રહ્યા છે. તેથી વિમાનોના પરિચાલનમાં મુશ્કેલી થાય છે. સ્ટાફની ઘટને લીધે, શેરેમેત્યેવો ઈંટરનેશનલ એરપોર્ટ પરની ૬૮ ઉડાનો રદ કરવી પડી છે.

# પોરબંદરના દરિયાકાંઠેથી ફરી એકવાર રૂા.૫૦૦ કરોડથી વધુનું ડ્રગ્સ પકડાયું



પોરબંદર,તા.૧૫

ગુજરાતના દરિયાકાંઠેથી ફરીવાર ડ્રગ્સ ઝડપાયું છે. જેમાં આ વખતે ૫૦૦ કરોડથી વધુની કિંમતનું ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યું છે. ATS અને NCBની સંયુક્ત કાર્યવાહીના આધારે મોટી માત્રામાં ડ્રગ્સ પકડવામાં આવ્યું હતું. ત્યારે સૂત્રોના જણાવ્યા અનુસાર ટૂંક સમયમાં ડ્રગ્સનો જથ્થો પોરબંદર પોર્ટ ઉપર લાવવામાં આવશે. પોરબંદરનો દરિયાકાંઠો ફરી એક વખત ચર્ચામાં આવ્યો છે. મધદરિયે એક બોટમાંથી કરોડોની કિંમતનું સેંકડો કિલો ડ્રગ્સ સેન્ટ્રલ એજન્સી દ્વારા પકડી પાડવામાં આવ્યું છે. તેમાં પણ ખાસ કરીને નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો દિલ્હીની ટીમને કેટલાક મહત્ત્વપૂર્ણ ઈનપુટ મળ્યા હતા. જેમાં ગુજરાતના દરિયામાં મોટા પ્રમાણમાં ડ્રગ્સ સાથે એક બોટ આવવાની બાતમી મળી હતી. જેના આધારે તેને આંતરવા માટે NCB દિલ્હીની ટીમે નેવીની મદદ લીધી હતી. દેશનો દરિયા કિનારો ૭૫૧૭ કિ.મી. લાંબો છે. જેમાં પણ ગુજરાત પાસે ૧૬૪૦ કિ.મી. લાંબો દરિયા કિનારો છે. કિનારા પર ૧૪૪થી વધુ નાના-મોટા ટાપુ છે, સાથો સાથ પાકિસ્તાની દરિયાઈ સરહદ નજીક છે. ડ્રગ્સની હેરફેર પાકિસ્તાન અને ઈરાન કરે છે. પાકિસ્તાનનું કરાચી બંદર અને ઈરાનના ચાબહાર બંદરની ભૂમિકા મુખ્ય રહે છે.

# ગુજરાતમાં તાપમાનનો પારો ગગડ્યો, સરેરાશ તાપમાન ૨૦ ડિગ્રીની નીચે



અમદાવાદ,તા.૧૫

ગુજરાતમાં હવે શિયાળાની શરૂઆત થઈ રહી હોય તેવું લાગી રહ્યું છે. રાજ્યમાં ઠંડીનું પ્રમાણ દિવસેને દિવસે વધી રહ્યું છે. રાજ્યમાં છેલ્લા કેટલાક દિવસોમાં તાપમાનમાં ૨-૩ ડિગ્રીનો ઘટાડો થયો છે. હાલમાં રાજ્યમાં સરેરાશ લઘુત્તમ તાપમાન ૨૦ ડિગ્રીની આસપાસ નોંધાયું છે. જ્યારે કેશોદમાં લઘુત્તમ તાપમાન ૧૭.૫ ડિગ્રી નોંધાયું હતું જે રાજ્યનું સૌથી નીચું તાપમાન છે. ગુજરાતમાં ઠંડી વધી રહી છે ત્યારે રાજ્યમાં લઘુત્તમ તાપમાન ૧૭.૫ ડિગ્રીથી ૨૫.૬ ડિગ્રી નોંધાયું હતું. ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં લઘુત્તમ તાપમાન ૨૦ ડિગ્રીની આસપાસ નોંધાયું હતું. લઘુત્તમ તાપમાન ૧૭.૫ ડિગ્રી સેલ્સિયસ સાથે કેશોદ ગુજરાતનું સૌથી ઠંડુ શહેર હતું. આ ઉપરાંત ઓખામાં લઘુત્તમ તાપમાન ૨૫.૬ ડિગ્રી નોંધાયું હતું. રાજ્યમાં ઘટતા તાપમાનની સાથે અમદાવાદ શહેરનું તાપમાન પણ ઘટી રહ્યું છે. અને વાતાવરણમાં ઠંડક પ્રસરી છે. જો કે, બપોરના સમયે હજુ પણ ગરમી છે. તાપમાનમાં એકંદરે ઠંડકના કારણે લોકોને ગરમીમાંથી થોડી રાહત મળી છે. અમદાવાદ શહેરમાં સવારે અને મોડી સાંજે ઠંડીનો અહેસાસ થવા લાગ્યો છે. ગુરુવારે અમદાવાદનું લઘુત્તમ તાપમાન ૨૦.૮ ડિગ્રી નોંધાયું હતું. ગુજરાતમાં હવે તાપમાન નીચે જઈ રહ્યું છે.

# ગિરનારની લીલી પરિક્રમાની પૂર્ણાહૂતિ, આ વર્ષે ભાવિકોની સંખ્યામાં નોંધાયો ઘટાડો



જુનાગઢ, તા.૧૫

કારતક અગિયારસથી શરૂ થતી ગરવા ગઢ ગિરનારની લીલી પરિક્રમા આજે પૂર્ણ થઈ છે ત્યારે અત્યાર સુધીમાં સાત લાખથી વધુ ભાવિકોએ પરિક્રમા પૂર્ણ કરી છે.

ગુજરાત તેમજ અન્ય રાજ્યો સહિત દેશ-વિદેશમાંથી ભાવિકો પુણ્યનું ભાથું બાંધવા પરિક્રમામાં આવ્યા હતા. દર વર્ષે ૧૦ લાખથી વધુ લોકો પરિક્રમા કરતા હોય છે, ત્યારે આ વર્ષે પરિક્રમામાં આવતા ભાવિકોમાં ઘટાડો જોવા મળ્યો છે. ગ્રામ્ય વિસ્તારોમાં ખેતીની સિઝન શરૂ હોવાથી ભાવિકો પરિક્રમામાં આવી શક્યા નથી. જેને લઈ પરિક્રમામાં વેપાર ધંધો કરતા ધંધાર્થીઓને પણ મંદીનો માર સહન કરવો પડ્યો છે.

# પુરુષોત્તમ રૂપાલા રાજકોટ એરપોર્ટ એડવાઈઝરી કમિટીના ચેરમેન બન્યા



રાજકોટ,તા.૧૫

રાજકોટ લોકસભા બેઠકના ભાજપના સાંસદ પુરુષોત્તમભાઈ રૂપાલાને રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટની એરપોર્ટ એડવાઈઝરી કમિટીના ચેરમેન બનાવવામાં આવ્યા છે. જ્યારે રાજકોટથી રાજ્યસભાના સાંસદ રામ મોકરીયા, વાંકાનેરના મહારાજા અને રાજ્યસભાના સાંસદ કેસરીદેવસિંહ ઝાલાને આ કમિટીના મેમ્બર તરીકે અગાઉ જાહેર કરવામાં આવેલા છે. ગઈકાલે રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટની એડવાઈઝરી કમિટીની પ્રથમ બેઠક આજે મળી હતી.


# રાજ્યમાં બે જુદા-જુદા અકસ્માતમાં ૭ લોકોના મોત



મોડાસા,તા.૧૫

ગુજરાત માટે દેવ દિવાળીનો તહેવાર ગમગીન બની ગયો છે. આજે બે અલગ અલગ અકસ્માતમાં ૭ લોકોએ જીવ ગુમાવ્યા છે. જેમાં શામળાજીથી દર્શન કરી પરત ફરી રહેલા પરિવારને અકસ્માત નડ્યો હતો. જેમાં ૪ લોકોના મોત થયા હતા, જ્યારે આજે વહેલી સવારે સુરત-અંકલેશ્વર સ્ટેટ હાઈવે પર અન્ય એક અકસ્માતમાં ભાવનગરના પરિવારની કાર વૃક્ષ સાથે ટકરાતા ૩ના મોત થયા હતા. એમ કુલ આજે ૭ લોકોએ અકસ્માતમાં જીવ ગુમાવ્યા છે. પ્રાપ્ત માહિતી અનુસાર શામળાજી મંદિરેથી દર્શન કરી પરત ફરી રહેલા પરિવારને અમદાવાદ ઉદેપુર નેશનલ હાઈવે પર મોડાસાના ગળાદર પાસે અકસ્માત નડ્યો હતો. જેમાં કાર હાઈવે પર આવેલા પુલ પરથી ૩૫ ફૂટ નીચે ખાબકી હતી. જેથી કારમાં સવાર ચારેય લોકોના મોત થયા હતા. જેમાં બે પુરૂષો, એક મહિલા અને એક બાળકીનો સમાવેશ થાય છે. અકસ્માતની જાણ થતાં આસપાસમાંથી લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા.

# કુ'ખ્યાતી હોસ્પિટલ'ની બેદરકારીને કારણે વધુ એક દર્દીનું મોત નિપજતા રોષનો માહોલ



ગાંધીનગરના શેરથા ગામના એક વ્યક્તિનું મોત થયું છે.

અમદાવાદ,તા.૧૫

ગરીબ લોકોને મફત સારવારના નામે કમાણી કરવા માટે ડોકટરો દ્વારા દર્દીઓને સારવારને કારણે વધુ એક દર્દીનું મોત થયું છે.

અમદાવાદની ખ્યાતી હોસ્પિટલના તબીબોના કૌભાંડને કારણે વધુ એક વ્યક્તિએ જીવ ગુમાવ્યો છે. ખ્યાતી હોસ્પિટલના તબીબોની બેદરકારીના કારણે ખ્યાતી હોસ્પિટલની બેદરકારીના કારણે વધુ એક દર્દીનું મોત થયું છે. ખ્યાતી હોસ્પિટલના તબીબોની બેદરકારીના કારણે ગાંધીનગરના શેરથા ગામના એક વ્યક્તિનું કરૂણ મોત નિપજ્યું છે. હોસ્પિટલની બેદરકારીના કારણે ઓપરેશનના ત્રીજા દિવસે કનુભાઈ પટેલનું મોત થતાં ફરી એકવાર ખ્યાતી હોસ્પિટલ સામે રોષ ફેલાયો છે.

# સ્ટેટ મોનીટરીંગ સેલે ટ્રેનમાંથી દેશી અને સાબરમતીમાં વિદેશી દારૂ ઝડપ્યો



ટ્રેનમાં દેશી દારૂની ખેપ મારવાનો પર્દાફાશ કર્યો છે.

અમદાવાદ,તા.૧૫

SMCની ટીમે સાબરમતીમાં આવેલા છારાનગરમાં વિદેશી દારૂના કટીંગનો પર્દાફાશ કર્યો છે. SMCની ટીમને બાતમી મળી હતી કે, સાબરમતી વિસ્તારમાં આવેલા છારાનગરમાં દારૂનું કટીંગ થઈ રહ્યું છે. બાતમીના આધારે SMCની ટીમે રેડ કરી હતી જેમાં દારૂની પેટીનું કટીંગ થઈ રહ્યું હતું. પોલીસની ટીમને જોતાની સાથે જ બૂટલેગરોમાં અફરા તફરીનો માહોલ સર્જાયો હતો અને કેટલાક લોકો ભાગવામાં સફળ થઈ ગયા હતા. ટ્રેનમાં પણ દારૂ, ડ્રગ્સ તેમજ ગેરકાયદે ચીજવસ્તુઓની હેરફેર થતી હોવાના અનેક કિસ્સા સામે આવ્યા છે. SMCની ટીમે SMCની ટીમને બાતમી મળી હતી કે, ઉદેપુરથી અમદાવાદ આવી રહેલી ટ્રેનના એક ડબ્બામાં દેશી દારૂનો જથ્થો લઈને કેટલાક લોકો આવી રહ્યા છે. બાતમીના આધારે SMCની ટીમ અસારવા રેલવે સ્ટેશન પર પહોંચી ગઈ હતી અને ઉદેપુરથી આવેલી ટ્રેન ચેક કરી હતી. ટ્રેનમાં SMCને ૭૭૦ લીટર દેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો.





સંકુલ ઓછી ફી
સારૂ શિક્ષણ
સારી વ્યવસ્થા
ઉચ્ચ પરિણામ
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થળ:-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ), ચક્કરગઢ રોડ અમરેલી
ફોન ✓ (૦૨૭૯૨) ૨૭૨૩૨૧ થી ૨૬ -Ad076













